ISSN 0976-9609 V-Vidyanagar

વર્ષઃ ૨૦ અંકઃ ૧ જાન્યુઆરી ૨૦૧૮ સળંગ અંકઃ ૫૫૫

# વિ-વિદ્યાનગર



ચારુતર વિદ્યામંડલ – વલ્લભ વિદ્યાનગર

कर्मण्येवाधिकारस्ते।

CHARUTAR VIDYAMANDAL

(Est. : 1945)

Vallabh Vidyanagar-388120

www.ecvm.net




ચારુતર વિદ્યામંડળ સંચાલિત જી.જે.પટેલ આયુર્વેદ કૉલેજ તથા ભારત સરકારના આયુષ મંત્રાલયના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ સીએમઈ સંહિતા સિદ્ધાંત વિષયક કાર્યશિબિરના ઉદ્‌ઘાટન પ્રસંગે મંચસ્થ મહાનુભાવોમાં ચા. વિ. મંડળના માનદ મંત્રી શ્રી ડૉ. એસ. જી. પટેલ, વક્તાશ્રી પ્રો. આર. આર. દ્વિવેદી અને વૈદ્ય સંજીવ ઓઝા, સંસ્થાના નિયામક ડૉ. મલ્હારી સરદેશપાંડે. ઈન્સેટ તસવીરમાં કાર્યશિબિર પ્રસંગે દીપપ્રાગટ્ય કરતા ડાયરેક્ટર જનરલ ડૉ. નિખિલ ઝવેરી નજરે પડે છે.



ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટારની મુલાકાતે પધારેલ પર્યાવરણવિદ્ ડૉ. નાબુયોશી યામાશીતા(જાપાન)નું અભિવાદન કરતા માનદ મંત્રી શ્રી ડૉ. એસ.જી. પટેલ તથા સંસ્થાના નિયામક શ્રી ડૉ નિર્મલકુમાર ઈન્સેટમાં વિદ્યાર્થીઓ સાથે તજ્જ્ઞશ્રી દૃશ્યમાન થાય છે.




વિ-વિદ્યાનગર

ચારુતર વિદ્યામંડળ પ્રકાશક

જાન્યુઆરી-૨૦૧૮

વર્ષ-૨૦ અંક : ૧

સળંગ અંક : ૫૫૫

ISSN 0976-9609 - V Vidyanagar

ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

સ્થાપના વર્ષ : ૧૯૪૫



તંત્રી

ઉર્વીશ છાયા

પરામર્શન

નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા

જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ

આર. પી. પટેલ

સંપાદન-સહાય

ગિરીશ ચૌધરી • અનિતા એ. સાળુંકે



પ્રકાશક

ડૉ. એસ. જી. પટેલ

માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ,

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

મુદ્રક

આણંદ પ્રેસ, ગામડી-આણંદ


कर्मण्येवाधिकारस्ते।


અધ્યક્ષ

ડૉ. સી. એલ. પટેલ

માનદ સહમંત્રીઓ

શ્રી વી. એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ

શ્રી એમ. જે. પટેલ

ડાયરેક્ટર જનરલ

ડૉ. એન. એમ. ઝવેરી


**વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ**

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅકનોલોજી, હૉટેલ મૅનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓદ્ર સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવોસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેર કૉલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેકચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સ ડિગ્રી કૉલેજ.


• અંકની છૂટક કિંમત : ₹ ૧૫/- • રવાનગી ખર્ચ : ₹ ૧૦/- • વાર્ષિક લવાજમ : ₹ ૧૫૦/-

• વિદ્યાર્થી લવાજમ : ₹ ૧૦૦/- • આજીવન લવાજમ : ₹ ૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. (વિ) નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ. સી. એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિત પણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**'વિ-વિદ્યાનગર'**
ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ
**www.ecvm.net**
પર મૂકવામાં આવે છે.
દેશ-વિદેશના વાચકોને
પ્રતિભાવ જણાવવા વિનંતી.

**श्रेयान् स्वधर्मोविगुणः परधर्मात् स्वनुष्ठितात् ।**
**स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः॥**

પોતાનાં નિયત કર્તવ્ય દોષયુક્ત હોય તો પણ પૂરાં કરવાં એ બીજા મનુષ્યોનાં સારી રીતે કરેલાં કર્મો કરતાં વધુ શ્રેયસ્કર છે; પોતાનાં કર્તવ્યકર્મો કરવામાં મરણ થાય, તો તેપણ અન્યનાં કર્તવ્યકર્મમાં પ્રવૃત્ત થવા કરતાં વધારે સારું છે, કારણ કે અન્યના માર્ગને અનુસરવું ભયાવહ હોય છે.

(સંકલનકર્તા : પ્રિ. ઘનશ્યામસિંહ ગઢવી)

**આ માસની ચિંતનકણિકા**

દરેક વાતની વચ્ચે આપણી જાતની વાત ન કરીએજી,
સૌને મળીએ, સૌમાં ભળીએ,ને સૌને સાંભળીએજી.

-ઉશનસ્


॥ અધ્યક્ષસ્થાનેથી ॥
**પ્રજાનો ફેંસલો : આવકાર અને આત્મખોજ**
ડૉ. સી. એલ. પટેલ ૩

॥ પ્રાથમ્ય ॥ **જીવનધ્યેય**
એસ. જી. પટેલ ૫

॥ આપણો વૈભવ અને વારસો ॥ **પદ્ય વિભાગ**
નરસિંહ મહેતા ૭

॥ આપણો વૈભવ અને વારસો ॥ **ગદ્ય વિભાગ**
**લોકશાહીનો સાર**
મો. ક. ગાંધી ૮

॥ નવાં કાવ્યો ॥
મધુકાન્ત જોશી, પ્રીતમ લખલાણી,
સુધીર પટેલ, રાકેશ હાંસલિયા ૯

॥ નિબંધ ॥
**ભોમિયા સાથે મારે ભમવા'તા ડુંગરા...**
ડંકેશ ઓઝા ૧૦

॥ નવલિકા ॥ **જૂનું ઘર ખાલી કરતાં...**
પરીક્ષિત જોશી ૧૩

॥ અભ્યાસ ॥ **અધ્યાય - ૧૧ વિશ્વરૂપ દર્શનયોગ**
ઘનશ્યામસિંહ ગઢવી ૧૫

॥ અભ્યાસ ॥ **चाँद बीबीः एक अमर कहानी**
अर्चना आर. बनसोड १९

॥ચિંતન ॥ **ચુંબકીય શક્તિ** ૨૨
ગૌરીશ જે. પોરીઆ

॥ શિક્ષણ ॥
**રમતગમત અને પ્રવૃત્તિ દ્વારા...**
પ્રફુલ્લા વોરા ૨૪

॥ સાંપ્રત ॥ **Living a Stress-Free Life**
Samir J. Dabhi ૨૫

॥ શ્રધ્ધાંજલિ ॥ ૨૮

॥ વિદ્યાવૃત ॥ **કૉલેજવૃત-શાળાવૃત** ૨૯

# પ્રજાનો ફેંસલો : આવકાર અને આત્મખોજ

ડૉ. સી. એલ. પટેલ

લોકશાહીના મહાપર્વ સમી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાતની શાણી-સમજુ-સંસ્કારી પ્રજાએ પોતાની આગવી રીતે ઉજવણી કરી ફેંસલો આપ્યો છે. આ ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો જે વિજય થયો તેમાં કર્મનિષ્ઠ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને તેમના સહકાર્યકરોનો સિંહફાળો છે. આ માટે દેશ-દુનિયામાં અસરકારક વ્યક્તિત્વ દાખવનાર શ્રી નરેન્દ્રભાઈ મોદી અને તેમની ટીમને હાર્દિક અભિનંદન અને શુભેચ્છા પાઠવું છું.

આ ચૂંટણીમાં નરેન્દ્રભાઈની દીર્ઘદૃષ્ટિ લોકપ્રિયતા તથા તેમનાં અસરકારક ભાષણો ઉપરાંત ભાજપની કેટલીક લોકલક્ષી કલ્યાણ યોજનાઓ તથા તેનો અમલ, બુથલેવલ પરનાં પદ્ધતિસરનાં માઈક્રો આયોજનો, લોકોને ભાજપ સાથે સાંકળી રાખવાની રણનીતિ વગેરે કારણોને લઈ; અનેક આંદોલનો, અવરોધો વિરોધી પરિબળો પ્રબળ હોવા છતાં; ભાજપને જે વિજય મળ્યો છે, તેને હું આનંદપૂર્વક આવકારું છું.

અલબત્ત, ગુજરાતની શાણી પ્રજાએ આ ચૂટણીમાં સત્તાની ધુરા સંભાળતા પહેલાં શાસકપક્ષ અને વિરોધપક્ષ ઉભયને આત્મખોજ કરવાનો બોધપાઠ પણ દઈ દીધો છે. ગુજરાતના મતદારોએ ભાજપને બહુમતી અપાવી સત્તાના સિંહાસને બેસાડાયા તો ખરા, પણ એ સિંહાસને પહોંચવાનો રસ્તો સાવ સરલ નથી તેનો પરિચય પણ કરાવી દીધો. છેલ્લાં પાંચ વર્ષમાં ન થયેલાં ઘણાં બધાં કામોનું અને તેનાં  વચનોનું સ્મરણ પણ કરાવ્યું.

બીજી બાજુ, ભાજપના વિકાસના મુદ્દાના પ્રચાર સામે કૉન્ગ્રેસના રાષ્ટ્રીય નેતા શ્રી રાહુલ ગાંધીના અસરકારક નેતૃત્વ હેઠળ દલિત, પાટીદાર, ઓ.બી. સી. તથા અન્ય વર્ગોને વિશ્વાસમાં લઈ, તેમનો સાથ લઈ નવસર્જનના મુદ્દા સાથે આક્રમક પ્રચાર સાથે કૉન્ગ્રેસે સારો દેખાવ કર્યો. પરિણામે કૉન્ગ્રેસે બહુમતી નહિ પણ ભાજપની નજીક પહોંચી વિરોધપક્ષ તરીકે, અગાઉ કરતાં, વધારે મજબૂત સ્થિતિ

ઊભી કરી, જ્યારે ૧૫૦થી વધુ બેઠકો મેળવવાના આત્મવિશ્વાસમાં રહેતા ભાજપને જરૂરી બહુમતીથી થોડીક જ વધારે બેઠકો મળી.

ગમે તેમ, ગુજરાતની પ્રજા, કેટલીક બાબતે ભાજપથી નારાજ છતાં નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં હજી પણ શ્રદ્ધા ધરાવે છે. કેમ કે પ્રજાને આવનારા સમય માટે ભાજપ પાસે ઘણી બધી અપેક્ષાઓ છે. આ અપેક્ષાઓ અને આપેલાં વચનો પૂર્ણ કરવા, પુનઃ સ્થાપિત થયેલ ભાજપની સરકારે નિષ્ઠા-નિસબત-સમદૃષ્ટિ-સદ્ભાવ દાખવી પ્રજાકલ્યાણ તથા લોકહિતનાં કાર્યો પ્રત્યે લક્ષ્ય આપવું પડશે. શહેરો સાથે ગામડાની પ્રજાના તમામ વર્ગોને સાથે લઈ વિકાસયાત્રા વણથંભી ચાલુ રાખવી પડશે. આમ થશે તો 'સૌનો સાથ સૌનો વિકાસ' નું સૂત્ર સાર્થક થશે.

વિરોધપક્ષે પણ નકારાત્મક વલણ દાખવી વિકાસયાત્રામાં અવરોધ ઊભો ન કરતાં પ્રજાકીય રચનાત્મક કાર્યોમાં હકારાત્મક અભિગમ દાખવી સરકારને સહયોગ આપવો પડશે. અલબત્ત સરકારની જ્યાં ભૂલો થતી હોય, યોજનાઓ કે કાર્યો યા વહીવટમાં ગેરરીતિ થતી હોય ત્યાં રચનાત્મક રીતે મજબૂત વિરોધપક્ષ તરીકે ભૂમિકા પણ નિભાવવાની છે.

અંતમાં, શાસક અને વિરોધપક્ષ ઉભય પોતાને ફાળે આવતી જવાબદારીઓ નિષ્ઠાપૂર્વક નિભાવશે; વહીવટીય અને પ્રજાકાર્યોમાં પરસ્પરના સહયોગી બની રહેશે તો ભારતીય લોકશાહીપ્રથા મજબૂત બની ટકી રહેશે. શાસક અને વિરોધપક્ષ તેમજ સમગ્ર ગુજરાતના ઉજ્જ્વળ ભવિષય માટે તે આવકારદાયક હશે.

આમ નહિ થાય તો, લોકશાહીમાં સર્વોપરિ ગણાતો પ્રજાનો લોકમિજાજ બદલાતાં વાર નહિ લાગે. આ ચૂંટણીએ આપેલ સંકેત સર્વેને માટે આંખ ઉઘાડનારો અને આત્મખોજ કરનારો છે. આ પરિસ્થિતિમાં શાસક અન વિરોધપક્ષ કડવાશ ભૂલી રાજ્ય-રાષ્ટ્રહિતમાં પરસ્પર સહકારભર્યું વલણ દાખવી પોતાના ક્ષેત્રમાં કર્તવ્યનિષ્ઠાથી કામ કરશે તો આવતી કાલના ગુજરાતનું ભવિષ્ય અધિક ઉજ્જ્વળ હશે. ભાવિ ગુજરાતના ભવિષ્યના સહભાગી સર્વ વિજેતાઓને પુનઃ અભિનંદનસહ શુભેચ્છા પાઠવું છું. સર્વને નવા વર્ષની શુભેચ્છાઓ...

૩૧/ડિસેમ્બર/૨૦૧૭

# જીવનધ્યેય

એસ. જી. પટેલ

જ્યાં સુધી મનુષ્ય તેનાં વિચારોને કોઈ હેતુ સાથે જોડતો નથી ત્યાં સુધી પોતાના જીવનમાં કંઈક શ્રેષ્ઠ–અનન્ય કે ઉત્કૃષ્ટ કહેવાય એવું મેળવી શકતો નથી. જેમના જીવનમાં કોઈ નિશ્ચિત લક્ષ નથી તેઓ સામાન્ય વ્યગ્રતાઓ, ભય, સમસ્યાઓ અને આત્મદયાનો સહેલાઈથી ભોગ બની જાય છે. જે વ્યક્તિ જીવનના સિદ્ધાંતોને જેટલા વધુ સાર્થક બનાવી શકે તેટલી વધારે સફળતાપૂર્વક તે પોતાનું જીવન જીવી શકે છે. આપણા જીવન માટે શાશ્વત સત્ય એ છે કે ઉદ્દેશ વિના મનુષ્ય પોતાના જીવનમાં ઉન્નત વિકાસ કરી શકતો નથી. આપણું મન એક મહાસાગર જેવું છે તેમાં અસંખ્ય વિચારોનાં મોજાં હિલોળા લે છે. આ વિચારો ઊર્જાથી ભરપૂર હોય છે. તે નિરર્થક પણ રહી શકે છે, મનુષ્યનો સર્વનાશ પણ કરી શકે છે અને મનુષ્યને સફળતાનાં શિખરો પર પણ લઈ જઈ શકે છે. આમાંથી કઈ સંભાવના સાકાર થશે તેનો આધાર મનુષ્ય પોતાના વિચારો પર કેવું કાર્ય કરે છે તેના પર છે.

જ્યારે વ્યક્તિને તેના જીવનનું ધ્યેય મળે છે ત્યારે તેનાં મનના વિચારોને આકાર અને દિશા મળે છે. મનુષ્યના જીવનમાં ધ્યેયનું સ્થાન કેન્દ્રવર્તી અને અનિવાર્ય છે. જેમના જીવનમાં ધ્યેય નથી હોતું, તેમની શક્તિઓ વેડફાઈ જાય છે. સામાન્ય રીતે આપણું જીવન બિનજરૂરી ચિંતાઓ, વાહિયાત સમસ્યાઓ અને બિનમહત્ત્વની બાબતોમાં ફસાયેલું હોય છે. આવું જીવન વ્યર્થ છે, નર્યો બગાડ છે. મનુષ્ય પોતાના વિચારોને કોઈ ઉચ્ચ અને બુલંદ ધ્યેય સાથે ના સાંકળે તો છેવટે બીજા વિચારો ગમે તેટલા સારા હોય, છેવટે તે દિશાવિહીન બની ભટકી જાય છે. જ્યારે મનુષ્યના હૃદયમાં કોઈ ઊંચા બુલંદ ધ્યેયની સ્થાપના થાય છે, ત્યારે તેના સઘળા વિચારો એ ધ્યેય સાથે સંકળાય છે અને ધ્યેયની ઊંચાઈ પ્રાપ્ત કરે છે.

દરેક મનુષ્યે પોતાના હૃદયમાં પોતાની યોગ્યતા, સંવેદનશીલતા અને પ્રતિભાઓને અનુરૂપ કોઈક ધ્યેય સ્પષ્ટ કરવું જોઈએ. ત્યાર પછી જ એ ધ્યેયને સિદ્ધ કરવા લાગી જવું જોઈએ. આમ આ ધ્યેય પોતાના જીવનનો કેન્દ્રવર્તી વિચાર બની જવો જોઈએ. આપણું મનુષ્યજીવન અનન્ય છે. તેનો ઉછેર, તેના જીવનના સંજોગો વગેરે તેની અંદરની પ્રતિભાઓને અને ગુણોને કોઈક રીતે વ્યક્ત કરે છે. જે મનુષ્ય સજાગ છે, સભાન છે, સતત જીવનવલોકન અને આત્મ નિરીક્ષણ કર્યા કરે છે, તે પોતાની જાતને વધુ સારી રીતે ઓળખી શકે છે. આમ આત્મજ્ઞાનની પ્રક્રિયા દ્વારા દરેક વ્યક્તિ પોતાનું ધ્યેય શોધી શકે છે.

જો તમો તમારા પોતાના જીવનથી સંતુષ્ટ અથવા સુખી નથી, તો તમારે તમારા જીવનનો હેતુ શોધવો જોઈએ. તે માટે સ્વ–મૂલ્યાંકનથી શરૂઆત કરવી પડશે. આ દિશામાં કાર્યરત થવા માટેનાં પગથિયાં આ રહ્યાં. સૌ પ્રથમ તમારી રોજિંદી ડાયરી લખવાની ચાલુ કરો, જેમાં તમારા ગમા–અણગમા, સુખ–દુઃખની પળો, સાથીદારો સાથેની વાતચીતમાં ચર્ચાયેલ મહત્ત્વની બાબતો વિગેરેનો સમાવેશ કરી શકો. હવે તમો તમારી જાતને નીચેના જેવા પ્રશ્નો પૂછતા રહો તેના અંતઃદિલથી મળતા જવાબોની નોંધ કરતા રહો.

તમારા જીવનમાં સોથી વધારે ખુશ કયારે થાવ છો? તમને તમારાથી ખૂબ જ સંતોષ થાય છે? શાનાથી ગૌરવ અનુભવો છો? બીજા લોકોના ક્યા ગુણો તમને વખાવણા ગમે છે? કઈ બાબતથી તમો ખૂબ જ જીવંત અને ઊર્જાથી ભરપૂરતા અનુભવો છો? રોજિંદી કાર્યશૈલીથી તમો કેટલા સુખી છો? તમારા જીવનમાં કયો એક ફેરફાર કરો તો તમારું જીવન વધારે આનંદદાયક બને? કઈ બાબતો તમારી ઈચ્છાઓમાં અવરોધક છે? જો કોઈ એક દુન્યવી બાબત તમો બદલી શકો એમ છો તો એ કઈ હશે? જો તમારું મૃત્યુ પહેલાંનું આ છેલ્લું અઠવાડિયું છે, તો તમો તે કેવી રીતે વીતાવશો?

ઉપરોક્ત પ્રશ્નોના જવાબોની વિગતવાર નોંધોનો અભ્યાસ કરવાથી જીવનનું ધ્યેય શોધી શકાય છે. આ ધ્યેય ભલે કોઈ આધ્યાત્મિક આદર્શ હોય કે પછી દુન્યવી કે ભૌતિક વસ્તુ મેળવવાની તીવ્ર મનોકામના હોય, પરંતુ મનુષ્યે તેની સામે આ જે હેતુ કે લક્ષ્ય નક્કી કર્યું છે, તે બધા જ વિચારબળોને કેન્દ્રિત કરવા જોઈએ. તેના જીવનમાં આ હેતુ સિદ્ધ કરવો એ બાબતને સર્વોચ્ચ અગ્રિમતા બનાવવી જોઈએ અને તે પ્રાપ્ત કરવા માટે પોતાની જાતને સમર્પિત કરી દેવી જોઈએ. તેણે પોતાનો ક્ષણિક લોભ, લાલચ, સ્વાર્થ જેવી વૃત્તિઓમાં ભટકતા મનને રોકવું જોઈએ. સ્વનિયંત્રણ માટેનો આ સન્માર્ગ છે. આ રીતે જ મનુષ્ય પોતાના વિચારોની સાચી એકાગ્રતા કેળવી શકે છે.

શક્ય છે કે માનવ તેના પોતાના ધ્યેય સિદ્ધ કરવામાં વારંવાર નિષ્ફળ જાય છતાં પણ તેના સકારાત્મક પ્રયત્નોથી તેને જે ચારિત્ર્યની શક્તિ મળે છે એ જ તેની સાચી સફળતા છે. આવી સફળતાને પરિણામે તે નવેસરથી વધારે શક્તિશાળી પ્રયત્નો કરી શકશે અને છેવટે તેને વિજય મળશે. આપણા જીવનમાં કોઈક ધ્યેય હોવું જોઈએ વૈકલ્પિક નહીં, પણ આવશ્યક અને અનિવાર્ય બાબત છે. આ ધ્યેય નિર્ધારિત થવાથી દરેક મનુષ્યની ઊર્જાને સર્જનાત્મક માર્ગ મળી રહે છે.

જીવનમાં લક્ષ્યાંક નજીક પહોંચવા માટે અગ્રતાક્રમને ધ્યાનમાં રાખવું. યાદ રાખો કે પહેલાં કામ પછી રમત; પ્રથમ ફરજ પાલન પછી આનંદપ્રમોદ; પહેલાં બીજાઓનો વિચાર પછી જ સ્વાર્થ. મનુષ્ય જ્યારે સાચી રીતે કામની શરૂઆત કરે છે ત્યારે અડધી સફળતા મળી જાય છે. મનુષ્ય જો આ રીતે શરૂઆત કરે છે તો તેનું જીવન સરળ, સુંદર, સફળ અને શાંતિમય બને છે. મનુષ્યે પોતાની તમામ ફરજોને હંમેશાં પવિત્ર માનવી જોઈએ તથા વફાદારી અને નિઃસ્વાર્થતાથી એ ફરજોનું પાલન કરવું જોઈએ. પોતાની ફરજ બજાવતાં પોતાના સ્વાર્થના વિચારોથી મુક્ત રહેવું જોઈએ. જો મનુષ્ય આ રીતે કાર્ય કરે તો તેની ફરજ આનંદદાયક ઘટના બની રહે છે.

આ જગતની સંરચના અનેક નાની નાની વસ્તુઓને સુમેળ રીતે ભેગી કરવાથી બનેલ છે. આપણે આ નાની નાની બાબતોમાં કેટલી ઉત્કૃષ્ટતા અને ક્ષતિહીનતા લાવી શકીએ, તેનાથી જ છેવટે મોટી બાબતોની ઉત્કૃષ્ટતા નક્કી થાય છે. આપણે આપણું કામ એવું જ કરવું જોઈએ કે બીજાઓ તેને શ્રેષ્ઠ કરી શકતા હોય, તેનાથી ઉતરતું તો ન જ હોય. એક મહાન ચિંતકે કહ્યું છે કે ,'' અગર કશુંક કરવા જેવું છે, તો તેને હંમેશાં ઉત્કૃષ્ટ રીતે જ કરવું જોઈએ. મનુષ્ય એકવાર કોઈ કામ હાથમાં લે, તો તેણે તેની પાછળ પોતાની સઘળી શક્તિ કામે લગાડી દેવી જોઈએ.''

મનુષ્ય તેના હૃદયમાં ગમે તેટલી નબળાઈ ધરાવતો હોય, પરંતુ જ્યારે તેને જીવનધ્યેય મળી જાય છે ત્યારે સમજી લે છે કે શક્તિ એ પ્રયત્ન અને મહાવરાથી વિકસાવી શકાય છે, તો તે એ દિશામાં પ્રયત્નોની શરૂઆત તો કરી દે છે. જેમ શારીરિક રીતે નબળી વ્યક્તિ ખૂબ કાળજીપૂર્વક અને ધીરજપૂર્વકની તાલીમથી શરીર મજબૂત બનાવી દે છે તેમ જ નબળા વિચારોવાળી વ્યક્તિ છેવટે સતત પ્રયત્નો અને મહાવરાથી પોતાના વિચારોને શક્તિશાળી બનાવી શકે છે. મનુષ્ય તરીકે આપણે બધા કોઈ ને કોઈ નબળાઈઓ તો ધરાવતા હોઈએ છીએ. શુદ્ધ, પવિત્ર અને શક્તિશાળી મનની ભેટ કોઈને મફતમાં મળતી નથી, પરંતુ ઉચ્ચ ચારિત્ર્ય ઘડતર સતત સકારાત્મક પુરુષાર્થ કરવાથી થાય છે. આ પુરુષાર્થ કરવા મનુષ્યને ઊર્જાપ્રેરક ચાલકબળોની જરૂર રહે છે. જીવનનું ધ્યેય મનુષ્યને આ ચાલકબળ-ઊર્જા પ્રદાન કરે છે.

જેમ એન્જિન વગરની ટ્રેન બેકાર છે, તેમ જ ધ્યેય વગરનું જીવન નિરર્થક છે. જેવું મનુષ્યને આ ધ્યેય મળે અને તે પોતાના બધા જ પ્રયત્નોને અને શક્તિ-ક્ષમતાઓને આ ધ્યેય સાથે એકાકાર કરે કે તરત જ તેની પ્રગતિ શરૂ થઈ જાય છે. મનુષ્યના અભિગમની મક્કમતા આ ધ્યેય સાથે સંકળાય એટલે પછી તેને કોઈ રોકી શકતું નથી. જીવનમાં સફળતાની કિંમત છે

અનુ. પાના નં. ૨૧ ઉપર...

**નરસિંહ મહેતાનાં કાવ્યો**

### પઢો રે પોપટ ! રાજા રામના, સતી સીતાજી પઢાવે

પઢો રે પોપટ! રાજા રામના, સતી સીતાજી પઢાવે,
પાસે બાંધી પાંજરું, મુખથી રામ જપાવે...
　　-પઢો રે પોપટ! રાજા રામના...૦
પોપટ! તારા કારણે, લીલા વાંસ વઢાવું,
તેનું ઘડાવું પોપટ! પાંજરું, હીરલા રતન જડાવું...
　　-પઢો રે પોપટ! રાજા રામના...૦
પોપટ! તારે કારણે, શી શી રસોઈ બનાવું?
સાકરના કરી ચુરમા, ઉપર ઘી પિરસાવું...
　　-પઢો રે પોપટ! રાજા રામના...૦
પાંખ પીળી ને પગ પાંડુરા, કોટે કાંઠલો કાળો,
નરસૈયાના સ્વામીને ભજો, રાગ તાણી રૂપાળો...
　　-પઢો રે પોપટ! રાજા રામના...૦

### ભૂતળ ભક્તિ પદારથ મોટું બ્રહ્મલોકમાં નાંહી રે..

ભૂતળ ભક્તિ  પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાંહી રે,
પૂણ્ય કરી અમરાપુરી પામ્યા, એનો ચોરાશી માંહી રે...
　　-ભૂતળ ભક્તિ  પદારથ મોટું...૦
હરિનાં જન તો મુક્તિ ન માગે, માગે જનમો જનમ અવતાર રે,
નિત્ય સેવા નિત્ય કીર્તન ઓચ્છવ નીરખવા નંદકુમાર રે...
　　-ભૂતળ ભક્તિ  પદારથ મોટું...૦
ભરત ખંડ ભૂતળમાં જનમી જેણે ગુણ ગોવિંદના ગાયા રે,
ધન ધન એના માતા પિતાને , સફળ કરી એણે કાયા રે...
　　-ભૂતળ ભક્તિ  પદારથ મોટું...૦
ધન વૃંદાવન ધન એ લીલા, ધન એ વ્રજના વાસી રે,
અષ્ટ મહાસિદ્ધિ આંગણીયે ઊભી મુક્તિ છે એમની દાસી રે...
　　-ભૂતળ ભક્તિ  પદારથ મોટું...૦
એ રસનો સ્વાદ શંકર જાણે , કે જાણે શુક જોગી રે,
કાંઈ એક જાણે ઓલી વ્રજની વનિતા, એમ ભણે નરસૈંયો ભોગી રે..
　　-ભૂતળ ભક્તિ  પદારથ મોટું...૦

### નારાયણનું નામ જ લેતાં, વારે તેને તજીએ રે...

નારાયણનું નામ જ લેતાં, વારે તેને તજીએ રે,
મનસા વાચા કર્મણા કરીને, લક્ષ્મી વરને ભજીએ રે...
　　-નારાયણનું નામ જ લેતાં...૦
કુળને તજીએ, કુટુંબ તજીએ, તજીએ મા ને બાપ રે,
ભગિની, સુત, દારાને તજીએ, જેમ તજે કંચુકી સાપ રે...
　　-નારાયણનું નામ જ લેતાં...૦
પ્રથમ પિતા પ્રહલાદે તજીયો નવ તજ્યું હરિનું નામ રે,
ભરત શત્રુઘ્ને તજી જનેતા, નવ તજીયા શ્રી રામ રે...
　　-નારાયણનું નામ જ લેતાં...૦
ઋષિ પત્ની શ્રી હરિ ને કાજે તજીયા નિજ ભરથાર રે,
તેમાં તેનું કાંઈ ગયું નહીં, પામી પદારથ ચાર રે...
　　-નારાયણનું નામ જ લેતાં...૦
વ્રજ વનિતા વિઠ્ઠલને કાજે, સર્વ તજી વન ચાલી રે,
ભણે નરસૈયો વૃંદાવનમાં, મોહન વર શું માલી રે...
　　-નારાયણનું નામ જ લેતાં...૦

### અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ...

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ, જૂજવે રૂપ અનંત ભાસે;
દેહમાં દેવ તું તેજમાં તત્ત્વ તું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે...
　　-અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ...૦
પવન તું, પાણી તું, ભૂમિ તું, ભૂધરા! વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે;
વિવિધ રચના કરી અનેક રસ લેવાને ,શિવ થકી જીવ થયો એ જ આશે...
　　-અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ...૦
વેદ તો એમ વદે, શ્રુતિ-સ્મૃતિ શાખ દે, કનક-કુંડળ વિશે ભેદ ન્હોયે;
ઘાટ ઘડિયા પછી નામ-રૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે...
　　-અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ...૦
ગ્રંથ ગરબડ કરી, વાત નવ કરી ખરી, જેહને જે ગમે તેહ પૂજે;
મન-વચન -કર્મથી આપ માની લહે, સત્ય છે એ જ : મન એમ સૂઝે.
　　-અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ...૦
વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરે એ જ પાસે;
ભણે નરસૈયો : એ મન તણી શોધના, પ્રીત કરું પ્રેમથી પ્રગટ થાશે...
　　-અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ...૦

# લોકશાહીનો સાર

મો. ક. ગાંધી

એ ગણિતનો દાખલો નથી કે છેદ ઉડાડી દીધે બંધ બેસી જાય. એની ગૂંચો ઉકેલવાને અંતર બદલાવ જોઈએ...લોકસત્તા અને રાષ્ટ્રીયતાની ભાવના તો પરસ્પરના બંધુભાવ ઉપર જ પોષાય છે.

**લોકશાહી : પૂર્વ અને પશ્ચિમ**

પશ્ચિમની લોકશાહી અત્યાર પહેલાં નિષ્ફળ નીવડી ચૂકી ન હોય તો યે તેની કસોટી થઈ રહી છે. એવું ન બને કે એ યોગ્યતા નજરે જોઈ શકાય એ રીતે બતાવી આપીને લોકશાહીનું સાચું શાસ્ત્ર વિકસાવવાનું ભારતના ભાગ્યમાં લખાયું હોય? ભ્રષ્ટાચાર અને પાખંડ આજે છે તેમ લોકશાહીનાં અનિવાર્ય પરિણામો ન હોવાં જોઈએ; ને કદ એ લોકશાહીનો સાચો માનદંડ ન હોવો જોઈએ.

પશ્ચિમની લોકશાહી એ, મારા મત પ્રમાણે કેવળ નામની જ છે. એમાં સાચા પ્રકારની લોકશાહીના અંકુરો અવશ્ય રહેલા છે. પણ એવી લોકશાહી તો ત્યારે જ આવી શકે જ્યારે હિંસાનો સદંતર ત્યાગ થાય અને દગાફટકા અદૃશ્ય થઈ જાય. આ બે વસ્તુઓ એકબીજાની સહચરી છે. વસ્તુતઃ દગાફટકા એ એક પ્રકારની હિંસા જ છે. ભારતવર્ષે જો ખરા પ્રકારની લોકશાહી ખીલવવી હોય તો હિંસા કે અસત્યની સાથે કોઈ પણ જાતની માંડવાળ થવી જ ન જોઈએ.

સાચું એટલે કે હિંસા વિનાનું લોકશાસન ખીલવવા હિંદ પ્રયાસ કરી રહ્યું છે. અમારાં હથિયાર સત્યાગ્રહનાં છે જેનાં પ્રતીક રેંટિયો, ગ્રામોદ્યોગ, હાથહુન્નર દ્વારા શિક્ષણ, અસ્પૃશ્યતાનિવારણ, કોમી સંપ, દારૂબંધી અને અહિંસાને ધોરણે મજૂર વર્ગોનું સંગઠન-જેવું અમદાવાદમાં ચાલી રહ્યું છે-વગેરે છે. આનો જ અર્થ સામુદાયિક પ્રયાસ અને સામુદાયિક શિક્ષણ અને તાલીમ છે. આ પ્રવૃત્તિ ચલાવવા સારુ અમારે ત્યાં મોટા મોટા સંઘો છે. બધા કેવળ સ્વયંસેવાના પાયા ઉપર ઊભા થયેલા છે અને નીચલામાં નીચલા થરના દરિદ્ર લોકોની સેવા એ જ તેમનું એક માત્ર પીઠબળ છે.

**લોકશાહી અને અહિંસા**

લોકશાહી અને હિંસા સાથે ન ચાલી શકે. જે રાજ્યો આજે નામનાં લોકશાહી છે તેમણે કાં તો ઉઘાડેછોક એકહથ્થુ સત્તાવાદી બનવું રહ્યું છે, અગર તો જો સાચી લોકસત્તા તેમનામાં વ્યાપી હોય તો હિંમતપૂર્વક તેમણે અહિંસાવાદી થવું રહ્યું છે. અહિંસાનું આચરણ માત્ર વ્યક્તિઓ જ કરી શકે, અને વ્યક્તિઓની બનેલી પ્રજાઓથી એ ન બની શકે એમ કહેવું એ તો નરી નાસ્તિકતા છે.

**કાનૂન ઘડતર**

લોકમત તૈયાર થતાં પહેલાં કાયદો બનાવવામાં આવે એ તદ્દન નકામું છે. લોકમત ઊભો કરવાનો સૌથી ઝડપી ઊપાય અસહકાર છે.

કોઈ પણ બાબતને લગતો કાયદો થાય તે પહેલાં તે વિશે લોકોને ધીરજથી કેળવવા જોઈએ, એ લોકશાહી વહીવટની એક શરત છે.

**રાજકાજ**

રાજકારણના ક્ષેત્રમાં પ્રવેશ કરવાની મને ફરજ પડી, કેમ કે, સમાજ સુધારવાનું કાર્ય કરવા જતાં પણ રાજકારણને સ્પર્શ કર્યા વિના ચાલે તેમ નહોતું એમ હું સમજ્યો...મને લાગે છે કે, સામાજિક અને નૈતિક પ્રગતિની દૃષ્ટિથી જ રાજકાજ તરફ જોવું જોઈએ. લોકશાહી રાજવહીવટની પદ્ધતિમાં જીવનનું એકે અંગ રાજકારણના સ્પર્શથી અળગું રહી શકતું નથી.

**શિસ્ત**

જેમ સ્વતંત્રતા વધારે તેમ શિસ્ત અને નમ્રતા વધારે હોવાં જોઈએ. શિસ્ત અને નમ્રતામાંથી ઉદ્‌ભવતી

અનુ. પાના નં. ૩૫ ઉપર...

## વંટોળિયો (મોનો-ઈમેજ કાવ્યો)

(૧)
ધૂળને
કેટલાય દિવસથી
એક ઈચ્છા હતીઃ
'વંટોળિયો' થવાની!
- ને,
ખરે બપોરે
પવને 'હા' પાડી!

(૨)
ધૂળને
જ્યારે
ધૂણવાની
ઈચ્છા થઈ હશે
ત્યારે
પવન જેવા ભુવાએ
ડમરી જેવી ડાક વગાડી
હશે...
ને,
હૂ..હૂ...હૂ...નીકળી
પડ્યો હશેઃ
'વંટોળિયો'
તેના છૂટ્ટા થયેલા વાળ
જેવો !

(૩)
વંટોળિયાએ
'ધૂળના વાઘા
પહેર્યા હોય છે'
એટલે તો એ
રુમઝુમ રુમઝુમ
નાચતો ફરે છે
ખરે બપોરે
ગુલમહોર
ને
ગરમાળાની શોધમાં!

(૪)
'વંટોળિયો'
એટલે શું ?
''ધૂળને પવન ભગાડી ગયો''
બીજું શું ?!

**મધુકાન્ત જોશી**
૫૯, ગંગોત્રી પાર્ક,
યુનિવર્સિટી રોડ, રાજકોટ-૫
મો. ૯૯૯૮૫ ૪૪૯૨૭

## ગઝલ

આભ પરથી સોનવરણી તાજગી ખરતી રહી,
ગાય ઝાકળ ભીના લીલા ઘાસને ચરતી રહી.

કો'અચાનક''આવજો''કીધા વિના ચાલ્યું ગયું,
આંખમાં તસવીર આખી જિંદગી ફરતી રહી!

આંખમાં લઈ એક સુક્કીભઠ્ઠ નદી કેરી મમત,
રેત પનિહારી નિરંતર બેડલે ભરતી રહી!

ખુદ ગઝલ આખી ય શેકાઈ વિરહની આગમાં-
કોઈ ઈંધણ જેમ મૂંગાં હીબકાં ભરતી રહી!

સૂર છૂટી ગ્યા તૂટયો જ્યાં તાર તો પણ હે પ્રીતમ,
આગળી તો એની મેળે સાજ પર સરતી રહી!

**પ્રીતમ લખલાણી**
65, Falcon Drive, West Henrietta, NY 14586, U.S.A

## કરે કોઈ ! (ગઝલ)

આ સમયથી જ પર કરે કોઈ,
ને અનંતા સફર કરે કોઈ!

એટલે બંધ છે નજર મારી,
કાશ, મુજ પર નજર કરે કોઈ!

દુનિયાદારી બહુ સતાવે છે,
એનાથી બેફિકર કરે કોઈ!

જાય છે વેણ સૌ હવે ખાલી,
મૌન મારું અસર કરે કોઈ!

આ હવા સંગ હું પ્રવેશું છું,
એમને જઈ ખબર કરે કોઈ!

કોઈ બેઘર કરી મને ફેંકે,
બાદ મુજમાં જ ઘર કરે કોઈ!

થાઉં 'ગાલિબ'ની ગઝલ 'સુધીર'
એમ જગમાં અમર કરે કોઈ!

**સુધીર પટેલ**
2624 Jameson, Dr. NW, Concord,
NC. 28027 USA,
Email: sudhir12@gmail.com

## ગઝલ

મારગ લાંબો પગમાં છાલાં,
યાત્રા થાશે રોચક વ્હાલા.

ફૂલો ખીલ્યાં છે કંઈ એવાં
રહી ગઈ બાજુ પર જપમાલા.

હક માટે પણ નિત કરવાનાં,
'ટેબલ' પાસે કાલાવાલાં.

અંગુલિઓ અંધ થઈ એવી,
કપાસ છોડી વીણે કાલાં.

કૃષ્ણજનમની વાટ જુએ છે,
કારાગાર તણાં સૌ તાલાં.

મારગ એનો પળમાં ખૂટે,
ચાલે જેઓ ઠાલેઠાલા.

**રાકેશ હાંસલિયા**
'સૌમ્ય'
સિલ્વર-ગોલ્ડ રેસીડેન્સી-૬,બ્લોક નં.૨૫,
ગોલ રેસીડેન્સીની પાછળ,
નાનામવા રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૪.
મો. ૯૮૨૪૮ ૮૫૪૧૬

।। નિબંધ ।।

# ભોમિયા સાથે મારે ભમવા'તા ડુંગરા...

ડંકેશ ઓઝા

પહેલાં કરતાં પ્રવાસના યોગ હવે વધતા ચાલ્યા છે પરંતુ તેમાં યાત્રાનો ભાવ હોતો નથી કે આયોજન વિનાનો પ્રવાસ હોતો નથી. પ્રવાસ એટલે લકઝરી કોચ એવું સમીકરણ બની ગયું છે. શહેરીકરણ જે પ્રમાણમાં વધતું જાય છે તેટલા પ્રમાણમાં પ્રવાસ આયોજનો વધતાં જાય છે. લોકોને પ્રવાસના નવા નવા સ્થળોની શોધ હોય છે. પેલાં જઈ આવ્યાં અને આપણે રહી ગયાં એ લાગણીથી, એ ગણત્રીથી નવા પ્રવાસના આયોજનો થતાં રહે છે.

માનવીની ઝંખના નવા પ્રદેશો અને નવા લોકો વિશે જાણવાની હોય એ સ્વાભાવિક છે. માણસ માત્રમાં તે પડેલી હોય છે. પરંતુ પ્રત્યેકને પ્રવાસનો લાભ સુલભ હોતો નથી. વળી નવાં સ્થળો વિશેનું આકર્ષણ કાયમી રહેતું નથી. તે ઘણી બધી રીતે ક્ષણિક હોય છે જે લાંબુ ટકતું નથી. મૂળભૂત ઉત્કંઠા જે હોવી જોઈએ તેનો જ કયાંક અભાવ વરતાય છે. શાળામાં કે કોલેજમાં અભ્યાસ કરતાં બાળકોમાં એ સહજ હોય છે. તેમણે હજુ જગત જોયું નથી, તે જોવાની તાલાવેલી અદમ્ય હોય છે.

જો જોવા અને જાણવાની વૃત્તિ જ હોય તો તે માટે દૂરના પ્રવાસે જવું અનિવાર્ય હોતું નથી. તમે જયાં પણ જાવ છો ત્યાં કંઈક નિતનવું ભાળી શકો છો.વૃત્તિની સાથે દૃષ્ટિ જોડાયેલી હોય તે જરૂરી છે. ગુરુદેવ ટાગોર આ જ કહેતા હતા. આપણા આંગણામાંના તુલસી કયારામાં છોડના પાન પર જે ઝાકળ બિંદુ પડેલું હોય છે તેનું સૌંદર્ય આપણે માણતા નથી અને દૂરના સ્થળોના સૌંદર્ય માટે તડપતા રહીએ છીએ. પૂનમ અને અમાસનું ચક્ર ચાલ્યા જ કરતું હોય છે. તેના સૌંદર્ય તરફ આપણે કેટલી નજર નાખીએ છીએ એ પાયાનો સવાલ છે.

આવા કંઈક વિચારો કરતાં કરતાં અમે અમદાવાદથી વીસનગર-વડનગર-તારંગા-અંબાજી-ગબ્બર થઈને અરવલ્લીના ડુંગરાઓ વચ્ચે આવેલા આદિવાસી ગામ સેંબલ પાણી પહોંચી ગયાં. આમ તો આખો રસ્તો જ માણવા જેવો હતો પરંતુ ઘણી બધી વખત ગંતવ્ય સ્થાને પહોંચવાની લાયમાં આપણે પ્રવાસનો આનંદ અજાણતાં પણ ખોઈ બેસતાં હોઈએ છીએ. કોઈ અંગ્રેજ કવિએ ઠીક યાદ રખાવ્યું છે કે ''ઈટ ઈઝ બેટર ટુ ટ્રાવેલ ધેન ટુ એરાઈવ એટ''

ચોમાસુ ગયાને બહુ સમય વીત્યો નથી એટલે હજુ ધરતી લીલીછંમ છે. કેટલાંય વૃક્ષો પર પીળાં ફૂલોનો વૈભવ તમારું ધ્યાન ખેંચે છે. ચારે તરફ ડુંગરાઓની વચ્ચેથી રસ્તો જતો હોય અને તે પણ ચઢાવ ઉતારવાળો હોય ત્યારે એની મજા ગાંઠે બાંધી લેવા જેવી હોય છે. લોકોને જો કે શકિતપીઠમાં બહુ રસ છે એટલે અંબાજીમાં તો ભકતોનું કીડિયારું હરહંમેશ ઊભરાતું જ રહેતું હોય છે. આપણા દેવી દેવતાઓને પોતપોતાના આગવાં વાહનો છે. ભક્તજનોને પણ પોતાના વાહનો છે. દેવોના વાહનો બહુ નડતાં નથી પણ ભક્તોના વાહનો અમને ઘણાં નડ્યાં. કારણ કે તે જ્યાં જગ્યા મળે ત્યાં ઊભાં કરી દેવાયાં હતાં. ભક્તિને અને વ્યવસ્થાને ભારતમાં બહુ મેળ નથી. વળી કેટલાકને મન એ સ્થિતિનું અદકેરું મહત્ત્વ પણ હોય છે. વૈષ્ણવ મંદિરોમાં ભક્તોની ભીડ જામે, હળવી ધકકા- મુકકી થાય અને શરીરો અદ્વૈતભાવ અનુભવે તેનો પણ અનેરો આનંદ હોય છે.

બામણા ગામના સાબરકાંઠાના કવિ ઉમાશંકર જોશી યાદ આવવા એ સાવ સ્વાભાવિક હતું. ઈડરિયો ગઢ એના પથ્થરોને કારણે જ આપણા હૃદયમાં વસેલો છે. અમારા પ્રવાસમાં પણ ચારે તરફ ડુંગરા હતા અને પથ્થરના ડુંગરા હતા. ઈડર યાદ આવે અને ઉમાશંકર ભૂલાય એમ તો શેનું બને?''ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા,જંગલની કુંજ કુંજ જોવી હતી.

જોવી'તી કોતરો અને જોવી'તી કંદરા, રોતાં ઝરણાની આંખ લો'વી હતી.'' આ ભોમિયો શબ્દ હવે બહુ વપરાતો નથી. દેવાનંદની સાથે તે'ગાઈડ' થઈ ગયો છે. ખેપિયો અને ભોમિયો એ શબ્દો હવે દલપતરામ કાળના લાગે છે. આપણે ગુજરાતીઓ એ શબ્દો અને એ સમયથી કદાચ બહુ આગળ નીકળી ચૂકયા છીએ.ભોમિયા શબ્દ સાથે વતન શુક્લતીર્થની બ્રહ્મપોળ સુધી પહોંચી જવાયું. નર્મદા હાઈસ્કૂલમાં ભણતો હતો ત્યારે મારાથી મોટાં ભદ્રાબેન પ્રાથમિક શાળાન્ત પરીક્ષા આપતાં હતાં. ઘરમાં ડાયરીના આકારનો ૮૦૦-૧૦૦૦ પાનાંનો મોટો ભોમિયો અહીં-તહીં અથડાતો રહેતો હતો. એક સાથે બધા જ વિષયોના સવાલજવાબ તેમાં જોવા મળતા હતા એવું પણ યાદ આવે છે. જેમ ભોમિયાના બે અર્થ થયા એમ 'ગાઈડ'ના પણ બે અર્થ થયા. ગાઈડો વાંચીને પાસ થનારી આખી પેઢી હવે કદાચ બીજાને ભણાવવા લાગી છે.કેવું ભણાવતી હશે, કોને ખબર !

સવાર-સાંજ આજુબાજુના વિસ્તારોમાં પગપાળા બે-ચાર કલાક ભટકવું એ જ આયોજન હતું, એ જ ઉદ્દેશ હતો. ક્યાંય પહોંચવાનું ન હતું તેથી ભ્રમણ નિરુદ્દેશ હતું. કેટલાંક શબ્દો સાથે કેટલાક કવિઓ એવા તો જડાઈ ગયા છે કે એમની યાદ ન આવે તો જ નવાઈ. નિરુદ્દેશ શબ્દ સાથે કવિ રાજેન્દ્ર શાહ યાદ આવ્યા વિના નહિ રહેવાના.''ઈંધણા વીણવા ગઈ'તી મોરી સૈયર, ઈંધણા વીણવા ગઈ'તી રે લોલ''હમણાં નવરાત્રી ગઈ પણ કંઈ ખાસ સાંભળવા મળેલું નહિ. એવું જ મણિલાલ દેસાઈનું : ''ઉંબરે ઊભી સાંભળું રે બોલ વાલમના'' આપણો કવિતાનો વારસો કંઈ ઓછો સમૃદ્ધ નથી. ભાઈબીજ હજુ તો ગઈ જ હતી તેથી ''બીજને ઝરુખડે ઝૂંકી'તી પૂર્ણિમા, ઝાઝેરો ઘૂમટો તાણી'' ભૂલાતું જ ન હતું. કવિની કલ્પના અનન્ય છે તેથી અવિસ્મરણીય છે.

ગામડાં વીંધી, ખેતરોમાં થઈને, જંગલોમાં ફરતાં ફરતાં પથ્થરિયા ડુંગરાઓ ઉપર પહોંચવું અને ત્યાંથી ચારેતરફ ફેલાયેલી કુદરતને આનંદ અને આશ્ચર્ય સાથે નિહાળવી એ જ ઉપક્રમ હતો. જંગલો વિશેના ખ્યાલો કયારેક સ્પષ્ટ હોતા નથી તેથી બિનફળદ્રુપ વિસ્તારો અને ઝાડી ઝાંખરા પણ જંગલ કહેવાય એવું આપણા મનમાં તરત સ્વીકાર્ય બનતું નથી. ગબ્બરથી લઈને છેક બાલારામ સુધીનો આખો વિસ્તાર આમ જ પથરાયેલો પડયો છે. પૃથ્વીમાંથી વૃક્ષો ઊગી નીકળે અને ઝરણાં ફૂટી નીકળે એ આપણને સહજ લાગે છે. પરંતુ પથ્થરો ઊગી નીકળે અને ઠરીઠામ થઈને પોતાનો પગદંડો જમાવે એ ઘટના આપણને સમજાતી નથી કે સહજપણે સ્વીકારાતી પણ નથી. થોડાં વર્ષો પૂર્વે, ઉત્તરાખંડમાં સેવાકાર્ય નિમિત્તે જવાનું થયેલું ત્યારે જોયેલું કે ત્યાં જે ડુંગરાઓ છે તેમાં પથ્થરોની મજબૂતાઈ નથી તેથી જ ત્યાં અવારનવાર ભૂસ્ખલનના પ્રસંગો બને છે,અને માર્ગ વાહન વ્યવહાર ખોરવાય છે. અહીં તો મૈડિયા કાંકરાનું સામ્રાજય હતું.પરિણામે સહેજ ઢાળ આવ્યો નથી કે લપસી પડવાની શક્યતા ઊભી થઈ નથી! પહોંચીને જે પથરાઓ ઉપર અમે બેસતા હતા તે પણ આ કાંકરાઓમાંથી જ બનેલા હતા. ધ્યાનપૂર્વક જુઓ તો એ કાંકરાઓ એકબીજા સાથે મજબૂતાઈથી જોડાયેલા તમે જોઈ શકો. પેલો શાશ્વત સવાલ ઊભો થતો હતો કે પથ્થરોમાંથી કાંકરા જુદા પડે છે કે કાંકરાઓમાંથી પથ્થર સર્જાય છે? બન્નેઆમ તો સાચું હતું. મજા પથ્થરોના વિવિધ સ્વરૂપોની હતી.તેના કુદરતી રીતે ઘડાયેલા આકારોની હતી. નજીકની ટેકરી પર એક મોટો પથ્થર એમ જ પડ્યો હતો જેમાં જોનારા બધા સ્ત્રીનું ડોકું અને પાછળ વાળેલો અંબોડો એવું કલ્પી શકતા હતા. ઘણી બધી વાર એકને દેખાય તે બીજાને ન દેખાય. અને બીજાને દેખાય ને પહેલાને ન દેખાય. ક્યારેક તમે વર્ણન કરો તો સઘળાને તે પમાય. પરંતુ આ ડોકા બાબતે બધાનો મત ક્ષણાર્ધમાં સરખો જ આવતો હતો એ બહુ મોટી વાત હતી.

ફોટોગ્રાફીની કલા હવે એવી તો હાથવગી થઈ ગઈ છે કે પ્રત્યેક જણ હવે ફોટોગ્રાફર છે. વળી ઝડપી

ટેક્નોલોજીની કરામત એવી છે કે ક્ષણવારમાં એ ફોટો દુનિયાના કોઈ પણ ખૂણે ફોરવર્ડ કરવાનું અતિ સરળ બની ગયું છે. ઠોઠ નિશાળિયો ઉર્ફે બકુલ ત્રિપાઠીએ ગીફટા ગીફટીની ક્કકો બારખડી આલેખી હતી તેવું જ અહીં ફોટાફોટી બાબતે હતું તેમ કહી શકાય.

આ વર્ષે ચોમાસાની શરૂઆતમાં જ બનાસકાંઠામાં અતિવૃષ્ટિનો જે કહેર થયો તેના લક્ષણો અહીં પણ વર્તાતાં હતાં આખેઆખાં વૃક્ષો જળપ્રપાતને કારણે ઘસડાઈ અને ફસડાઈ પડ્યાં હતાં. એક કાળે વિકાસ યોજનાના ભાગરૂપે જે ચેકડેમો બાંધ્યા હતા તે પણ માટીના ધોવાણને કારણે સખળડખળ અને શીર્ણ-વિશીર્ણ થઈ ગયા હતા.

થોડો પોરો ખાવ અને વળી આગળ વધો એ રીતે અમારો આબાલવૃદ્ધ સીત્તેરક જણનો કાફલો આગળ વધતો જતો હતો. સંસ્થામાંથી સ્થાનિક માણસ અમારે માટે ભોમિયાની સેવા બજાવી રહ્યો હતો. એમાં એક દિવસ પિતા હોય તો બીજે દિવસે એમનો પુત્ર હોય એવું બનતું હતું. સવાલ માત્ર દિશાસંકેતનો હતો. મુખ્ય માર્ગ છોડીને તમે ગમે ત્યાં ઉતરી શકો ખરા પણ પછી અજાણ્યા હોવાને કારણે પાછા ફરવામાં થોડી મુશ્કેલી અનુભવાય. ભોમિયો સાથે હોવાને કારણે અમને એવી કોઈ ચિંતા ન હતી.

જ્યાં કયાંક એકલ દોકલ આવાસ હતાં ત્યાં નજીકમાં પાણી માટેના હેન્ડપંપ અને નવાં ઊભા કરેલા સંડાસ નજરે પડતાં હતાં. આ આવાસોના પરિસરમાં ગાયો, બિલાડીના બચ્ચાં, નોળિયા અકુતોભય વિહાર કરી રહ્યાં હતાં. યાદ આવે છે કે પક્ષીઓ ક્યાંય દેખાયાં જ ન હતાં. અમે જ્યાં ફર્યા ત્યાં ગૂગળના વૃક્ષો સતત નજરે પડતાં હતાં. ગૂગળનો ગુંદર કાઢવા વ્યવસ્થિત રીતે ઝાડની છાલમાં છેદ કરેલાં હતાં. કોઈકે ઠીક ધ્યાન દોર્યું કે ઝાડની બધી છાલ ઉતરી જાય એવું સભાનપણે નહોતું કરવામાં આવ્યું. ઝાડને સૂકવી નાખવું હોય તો તેની બધી છાલ ઉતરડી નાખવી એ એક માર્ગ હોય છે. એવો ઉદ્દેશ ન હોય ત્યારે એવું ન બની જાય તેની કાળજી પણ રાખવાની હોય છે. વૃક્ષની છાલ એ માત્ર એની સુરક્ષા નથી પણ એનો જીવનપ્રાણ પણ છે. એ ઉખડી જાય તો અસ્તિત્વ જોખમમાં.

પથ્થરોના શિલ્પીને શરમાવે તેવા આકારો આશ્ચર્ય પમાડતા જ રહેતા હતા. ત્યાં એક ઠેકાણે એવા એક મોટા પથ્થર પર આદિવાસીઓએ જે કંઈ ચિત્રો કર્યા હશે તે ઝાંખા પાંખા પણ વર્તાતાં જરૂર હતાં. વર્લીચિત્રો પ્રકારના હોય એવું કંઈક સમજાતું હતું. ડુંગરાઓની પાછળ રાજસ્થાનની સરહદ છે. આખો ઈલાકો આદિવાસીઓની વસતિનો છે.

બહુ ચાલીને એક ઠેકાણે બેઠા તો ત્યાં સેંકડોની સંખ્યામાં માટીના ઘોડા નજરે પડ્યા. સ્થાનિક ભોમિયાએ કહ્યું કે અહીંના આદિવાસીઓ સાબરકાંઠાના પોસીના વિસ્તારમાં ઘોડા લેવા જાય અને ત્યાંથી લાવીને પોતાની માનતા પૂરી કરવા અહીં મૂકે. દીવાના કોડિયાં કે ફૂલ કે પાળિયા કે મૂર્તિ એવું કંઈ જ હાજર નહિ માત્ર ઘોડાઓનો ખડકલો. જોડે જ ખંડિત થયેલા ઘોડાઓનો ઢગલો પણ હતો. જળ-જમીન-જંગલ-જનાવરને ઓળખતો આ આદિવાસી સમૂહ માનવસામાજનો કદાચ સાચુકલો પ્રતિનિધિ છે. કારણ કે તે કુદરત અને આજની પરિભાષામાં કહીએ તો પર્યાવરણની બહુ નજીક છે. એને સમજાય એ રીતે તે કુદરતને ભજે છે અને કુદરતને જાળવે છે. આપણે નગરજનો નવી જાગૃતિ અને નવી ચેતના મુજબ પર્યાવરણ પ્રત્યે સભાન થવાનું માંડ શીખી રહ્યા છીએ.

અમારી સાથેના ઘણા બધા શિક્ષક દંપતીઓ અને તેમનાં બાળકો પણ હતાં ઘણી બધી વાતોની સાથોસાથ હિન્દી ફિલ્મોની યાદગાર ધૂનો અને શબ્દો ઘણાને યાદ આવી રહ્યા હતા. 'યે કૌન ચિત્રકાર હૈ' ને એવું બધું. કુદરતમાં નિરુદ્દેશે રખડવાની મઝા હતી. 'રખડવાનો આનંદ' હતો. કાકા કાલેલકર પણ મનોજગતમાં ડોકાતા રહેતા હતા.

અનુ. પાના નં. ૧૮ ઉપર...

|| નવલિકા ||

# જૂનું ઘર ખાલી કરતાં...

પરીક્ષિત જોશી

જીવનમાં પહેલીવાર ઘર ખાલી કરવાની નોબત આવી ગઈ હતી.

જોકે ઘર બદલી માટે સરસામાન બાંધતા રહેવાની એને માટે કંઈ નવાઈ નહતી. કડક અમલદારોની બદલી એ તો સાવ સામાન્ય નિયમ બની ગયો હતો. જોકે નોકરીના સ્થાનની બદલીઓ વચ્ચે પણ એનું આ ઘર સ્થાયી હતું.પણ આજે આ સ્થાયી ઘર છોડીને એને જવાનું હતું. ઘર, જૂનું ઘર ખાલી કરતાં કરતાં એને કવિ બાલમુકુંદ દવેની કવિતા યાદ આવી ગઈ. એ મનોમન ગણગણવા લાગી. 'ફફોસ્યું સૌ ફરીફરી અને હાથ લાગ્યુંય ખાસ્સું:'

કાવ્યપાઠ તો એ કરી રહી હતી પરંતુ એની નજર તો..

બરાબર, કવિની કલ્પનાના ઘરના સરસામાનની જેમ એ પોતાના ઘરની ઘરવખરીને જોઈ રહી હતી.

નકેવું સચોટ વર્ણન છે નહીં. આજે મેંય ઘર ખાલી કરતી વખતે આ જ બધું શોધીશોધીને ભર્યું છે.'

એના હોઠે કાવ્ય પંકિતઓ અવિરત આવે જ જતી હતી.

'જૂનું ઝાડૂ, ટૂથબ્રશ, વળી લક્સ સાબુની ગોટી,

બોખી શીશી, ટિનનું ડબલું, બાલદી, કૂખકાણી,

તૂટયાં ચશ્માં, ક્લિપ, બટન ને ટાંકણી સોય-દોરો!

લીધું દ્વારે નિત લટકતું નામનું પાટિયું,

જે મૂકી ઊંધું, સુપરત કરી, લારી કીધી વિદાય.'

'મેંય આ બધું જ ભર્યું છે, લારીના બદલે ટેમ્પામાં.ઘણે દૂર જવાનું છે એટલે, ગામમાંને ગામમાં ઘર બદલવાનું હોત તો હુંય કવિની માફક જ લારીમાં સામાન બદલાવતી.'

સાવ ક્ષુલ્લક કહી શકાય એવી બાબતોએ પણ આજે એને જરા નવા પ્રકારની ફિલસૂફી સૂઝી રહી હતી. બાકી આ કવિતા તો ભણવામાં આવી ત્યારથી એની મનપસંદ. કંઈ કેટલીયવાર એનો મનોપાઠ કર્યા હશે એણે. જીવનના વિવિધ તબક્કે આ કવિતા એને અનેકવિધ પ્રકારના અર્થ સૂઝાડતી.

મજાકમાં ઘરના સભ્યો એને કહેતાંય ખરાં કે 'આ તો એની ભગવદ્ગીતા છે.'

હસી પડી એ, આવી વાત થતી ત્યારેય આવું જ હસી પડાતું.

ગાંડીઘેલી ઘેલછા જેવી વાત હતી પણ કોણ જાણે કેમ એને ઘર એટલે, ઘરની કવિતા એટલે જાણે કે

આ એક જ કવિતા ભાવતી.

એનું બીજું ય એક કારણ હતું.

નપહેલાં, બાપુજીની છૂપી પોલીસમાં ફરતી નોકરી. એક તો ફરતી નોકરી અને પાછા એ જમાનામાંય એ એકદમ ઈમાનદાર. કોઈનીય સાડાબારી ન રાખે, મોંઢામોંઢ જ પરખાવી દે. એટલે ઘરનો સામાન છોડાતો ઓછો અને બંધાયેલો વધુ રહેતો.'

જાણે અજાણે ફરીથી એ ભૂતકાળમાં સરી પડી હતી.

'સરસામાન જ સ્તો હતો કે જે સતત, નિરંતર મારી સાથે રહેતો. મને સધિયારો આપતો કે હું જયાં પણ જઈશ, જયારે પણ જઈશ એ હશે મારી સાથે, લગોલગ. બિલકુલ પડછાયાની માફક. અને, સાચે જ, હરહંમેશ રહ્યો એ સાથે, લગોલગ. બાપુજી હતા ત્યારે પણ અને મારા એ હતા ત્યારે પણ.' એના એ-વિશે વિચાર આવતાં જ એકલી હોવા છતાં સહેજ શરમાઈ ગઈ, નવોઢાની જેમ. જોકે એને પરણેય ઘણાં વર્ષો વીતી ચૂકયાં હતાં. પણ છોડો એ વાત.

નબિલકુલ બાપુજી જેવો જ સ્વભાવ છે એમનોય.

કડક, ઈમાનદાર.એટલે ઘરવખરીને ફેરફુદરડી લગ્ન પછી ચાલુ રહી.'

વિચારનું વંટોળ ધોમધખતા ગ્રીષ્મમાં પણ અટકવાનું નામ લેતું ન હતું.

'પણ આ કવિતા અને એમાં આવતી વાતો મારો ક્યારેય પીછો છોડતી નથી. લ્યો, હમણાં જ કેવડિયા કોલોની છંદ જ્ઞાનશિબિરમાં ગઈ ત્યાં પણ આ કવિતા પહોંચી ગઈ. મને સહેજે ખ્યાલ નહીં કે આ કવિતા ત્યાં પણ...

છંદજ્ઞાન શિબિરમાં છંદપરિચય કરાવતી વખતે માર્ગદર્શક માધવ રામાનુજજીએ આ જ કવિતાની વાત ફરી માંડી. એના દરેક શબ્દ, પદાવલિનો મર્મ ખોલી આપ્યો. એમણે પણ મારી જેમ જ કહ્યું હોં, કે કવિતાની ૧૪ પંકિતઓમાંથી ૧૧ તો માત્ર વર્ણન છે. ઘરવખરી કે ઘરના સંસ્મરણો. પણ કવિતા તો છેલ્લી ૩ પંક્તિ જ રચે છે. કયા બાત, કયા બાત. કવિ.'

એનામાં રહેલું કવિહૃદય વિહ્વળ થઈ ઊઠ્યું અચાનક. કદાચ પેલી છેલ્લી ૩ પંક્તિઓના ઉલ્લેખને લીધે જ કે. બાકી એ કવિતા એટલે સાચે જ વર્ણન અને સંસ્મરણ.

ફરી એ ગણગણવા લાગી.

ઊભા છેલ્લી નજર ભરીને જોઈ લેવા જ ભૂમિ,
જ્યાં વિતાવ્યો પ્રથમ દસકો મુગ્ધ દામ્પત્ય કેરો;
જ્યાં દેવોના પરમ વર શો પુત્ર પામ્યાં પનોતો
ને જ્યાંથી રે કઠણ હ્રદયે અગ્નિને અંક સોંપ્યો!

કોલેથી જે નીકળી સહસા ઊઠતો બોલી જાણે:

એનેય પોતાના લગ્નજીવનનો એ મુગ્ધભાવ યાદ આવી ગયો. એક આખો દસકો અહીં ભેળાં રહ્યાં, ભળ્યાં. અહીં જ એમને સંતાનરત્ન પ્રાપ્ત થયું. આજે એ સંતાન જ એને અહીંથી લઈ જવા આવી રહ્યું છે. અને જીવનમાં પહેલીવાર, પોતાના જન્મ પછી પહેલીવાર, આ ઘરને છોડીને એણે કોઈક બીજે ઠેકાણે જવાનું થઈ રહ્યું છે. અચાનક જ એને કવિ માધવ રામાનુજજીએ કહેલી વાત યાદ આવી અને એ ૩ પંક્તિઓ, છેલ્લી ૩ પંક્તિઓ ગણગણવા લાગી.

'બા-બાપુ!ના કશુંય ભૂલિયાં, એક ભૂલ્યાં મને કે ?'
ખૂંચી તીણી સજલ દગમાં કાચ કેરી કણિકા!
ઉપાડેલાં ડગ ઉપર શા લોહ કેરા મણિકા!'

'કવિની કવિતામાં તો દંપતીનું પુત્રરત્ન એ જ ઘરમાં જન્મ્યું અને એ જ ઘરમાંથી અગ્નિને ખોળે પાછું ફર્યું હતું. મારે, તો એવું લગીરેય નથી. મારે તો મારું સંતાન મને લઈ જઈ રહ્યું છે, એની નવી લાગેલી નોકરીના ઠેકાણે.પણ, આ જ ઘરમાં મેં મારા બા-બાપુ અને મારા એમને વિદાય આપી હતી, છેલ્લી વિદાય'.

સ્વગત બોલતાં જાણે એ એકાંકીનું પાત્ર ભજવી રહી હતી. એની આંખ સામે આખો ઈતિહાસ ખડો થઈ ગયો હતો. સજળ નેત્રે એ નિરખી રહી હતી, ચલચિત્રની માફક. સાથે બોલી રહી હતી આ કવિતા, બાલમુકુન્દ દવેની.

'અરે મા, શું થયું તને. એકદમ આવી લવારી કાં કરવા લાગી.' દીકરો ચિત્કારી ઊઠ્યો, અચાનક. માતાની આ સ્થિતિ એને માટે નવી હતી.

પણ, મા શું બોલે. એ તો અમરતકાકીની જેમ મંગુની નાતમાં વટલાઈ ગઈ હતી, જૂનું ઘર ખાલી કરતાં પહેલાં, પોતાનું ઘર....

## સૂચના

'વિ. વિદ્યાનગર' સામયિકમાં કૃતિ મોકલનાર દરેક સર્જકે પ્રેસ કોપી પાનાની એકબાજુએ સુવાચ્ય અક્ષરે લખી અથવા યોગ્ય ફોન્ટમાં ટાઈપ કરી મોકલવી. કૃતિની સાથે અન્ય સામયિકમાં પ્રકાશન અર્થે મોકલેલ નથી તેવી બાંહેધરી નોંધ અચૂક મૂકવી.

તંત્રી- 'વિ. વિદ્યાનગર'

|| અભ્યાસ ||

# અધ્યાય - ૧૧ વિશ્વરૂપ દર્શનયોગ

ઘનશ્યામસિંહ ગઢવી

વ્યવહાર અને પરમાર્થને સાધી આપનાર આ ગીતા સામાન્ય માનવીનું ઉપનિષદ Layman's Upnishda છે. લઘુકાય ગ્રંથની પ્રતિભા વિરાટ છે. જેવી દૃષ્ટિથી તેને અવલોકવામાં આવે તેવી તે દેખાય. તેમાં સંવાદ હોવાના નાતે તે સાહિત્યકૃતિ ક્ષત્રિયાદિના ગુણધર્મોને આલેખતી હોવાથી રાજનીતિ કે લોકસંગ્રહની વાત કરે ત્યારે સમાજ-શાસ્ત્ર વા કર્માદિ પંથોનું નિરૂપણ કરતી વેળાએ તે દર્શન બની જાય છે. ઉપાધિ ત્યારે ઊભી થાય જ્યારે ગીતાગાયક કર્મ સાથે જ્ઞાન અને જ્ઞાન સાથે ભક્તિનો સમન્વય કરે છે. ત્યારે પરસ્પરે કોણ ઉત્તમ ગણાય? આ પ્રશ્નના વમળમાં અસમંજસ અનુભવતો અર્જુન પાછો ગીતાનો મધ્યભાગ વિશ્વરૂપદર્શન જોયા પૂર્વે વિટંબણામાં મૂકાય જાય છે. આગળ પણ અનેક વાર આવી મનઃસ્થિતિમાં મૂકાયેલો-

**तदेकं वद निश्चित्य येन श्रेयोऽमाप्नुयाम्** (ગીતા ૩-૨)

અને **किं ज्ञातेन बहुना?** કહી પ્રભુ કહે છે કે તું એમ જાણ કે આ બધું જ હું છું. અભિન્નિમિત્તોપાદાન કારણ **'स आत्मानं स्वयमकुरुत।'** 'એવું અદ્‌ભૂત કે સ્વવીર્યથી નાનાંશે અવતીર્ણ થતાં સ્વશિષ્યના મનના સંશયહરણ માટે અને આ બધું જ જાણવાની જિજ્ઞાસા પ્રકટ કરતા એવા મહાબાણાવળીને પરમાત્મા સ્વરૂપનું વિરાટ દર્શન કરાવે છે. આ એકાદશાધ્યાય દેવનું નિજવિશ્રામધામ એવા વિશ્વરૂપદર્શનયોગાધ્યાયમાં જ્યારે મહાભૂતો વિલીન થતાં અવશિષ્ટ રહે તે જ પરમ વિશ્વરૂપ છે. ભલે એક વિશ્વરૂપની કામના કરી અર્જુને પણ સ્વનું સકલ વિશ્વમયરૂપ બતાવ્યું તેને.

**मैंने अहंकार की बाढ में । डुबकी मारी थी अगाध जलमें ।**
**भलाकि तुम थे समीप, मुझे। निकालता कौन।** (જ્ઞાને. ૧૧-૫૮)

જેમ દુગ્ધદાત્રી કામધેનુ પાસે કોઈ ભૂખ્યો રહી શકે? તેમ મારું નિવેદન જો ઉચિત જણાય તો પાત્રતાનુસાર વિશ્વરૂપદર્શનદાન થાય-

**एवमेतद्यथात्थ त्वमात्मानं परमेश्वर।**
**द्रष्टुमिच्छामि ते रुपमैश्वरं पुरुषोत्तम।।** (ગીતા. ૧૧-૩)

જેનું શસ્ત્ર કલ્પને પણ દગ્ધ કરી શકે તેવા અર્જુનને નિર્લેપ પરમાત્માના દેહે અનંગ લેપ કરે અને જે પ્રતીત થાય તેવું વિશ્વસમસ્તરૂપ તે ચક્રવર્તી દેવદેહે તેણે જોયું, રાધાકૃષ્ણન આ તકે કહે છે કે કૃષ્ણાવતારએ પરમાત્માનું શરીરમાં રૂપાન્તરણ નથી, એ માનવીય ચેતનાને ઉર્ધ્વગામી બનાવી પરમાત્મામાં રૂપાન્તરણ છે (Ibid પૃ.૩૭)

હે ગુડાકેશ ઈહૈકસ્થ કૃત્સ્ન જગત, સચરાચરના નાનવિધ રૂપને જેમ ઉદાર દાતા યાચકને સહસ્ત્રગણું આપે તેમ મારા રૂપે કોઈ કૃશ કે સ્થૂલ, એક લઘુ કે વિશાળ, કોઈ જટિલ કે સરળ, કોઈ વ્યવસાયરત તો કોઈ ઉદાસીન,કોઈ સુપ્ત કે જાગૃત, કોઈ સ્તબ્ધ કે વાચાળ, કોઈ સાભિલાષ કે વિરક્ત, કોઈ સહજ ભાસ્વર કે કોઈ સર્વાંગ સિંદૂરચર્ચિતરૂપ એવા વિવિધ મારા રૂપોને તું જો.

આ અધ્યાયમાં અર્જુનને પરમ સૌહાર્દથી પ્રભુ દિવ્યચક્ષુ પ્રદાન કરે છે. જેમ જોત્યા વિનાના ખેતરે બીજ વ્યર્થ થાય; તેમ આ ચર્મચક્ષુ અદિવ્ય હોય દિવ્યરૂપ જોવા અસફળ થાય છે. એને એટલે-

**दिव्यं ददामि ते चक्षुः पश्य मे योगमैश्वर्यम्**

(ગી. ૧૧-૮)

સ્વરૂપદર્શન કરાવતા શ્રીમદ્‌ભાગવતમાં ભગવાન શ્રી કૃષ્ણચંદ્ર **'बर्हापीडं नटवरवपुः'**(ભાગ ૧૦-૨૯-૫) છે. **'संपश्यतोर्दिव्ययत्रगतिर्यथा नटः।'** (ભાગ ૮-૧૮-૧૨) જોવા મળે છે. ત્યાં આ રૂપને દેવતાઓ પણ જોવા સમર્થ નથી થતા. જ્યાં રૂપદર્શન કરાવ્યું ત્યાં ત્યાં સ્વયં દા.ત. બાળલીલામાં માને મુખે બ્રહ્માંડદર્શન તો વામનાવતારે વિરાટદર્શન અને માતા દેવકીને ચતુર્ભુજરૂપે સંતુષ્ટ કર્યા છે. તો આ જ ચતુર્ભુજરૂપે દર્શન આપતા રામને બાળક બનવાની આજ્ઞા અને શિશુરૂપ ધારણ કરાવે છે માતા કૌશલ્યા-

**माता पुनि बोली सो मति डोली तजहु तात यह रुपा।**
**कीजै शिशुलीला अतिप्रियसीला यह सुख परम अनूपा**

(રા.મા. બા કાં ૧૯૧)

આ ભગવત્તાભર્યું સ્વરૂપ સુદુદર્શ છે. તેને જ્ઞાનેશ્વરી કહે છે–

**विचारो जरा अर्जुन । किस कारुण्य से दीन। क्या कभी हुआ भानु तमोग्रस्त** (અ. ૨-૧૩)

તત્ત્વતઃ હે કમલપત્રાક્ષ જે આપનું કલ્યાણકારી અને ઉગ્રરૂપ જોવાને હું સજ્જ બનું. દૃષ્ટિકાલુષ્ય હોવાથી યથારૂપ વિશ્વમૂર્તિને કેમ જોવા? આ રૂપ તો અગ્નિને પણ ચકાચૌંધ કરી દે કે સૂર્ય પણ ખદ્યોત ઈવ પ્રતીત થાય **यदि तच्छक्यं मया दृष्टुमिति प्रभो।** (ગી. ૧૧-૪)

આ રૂપ યોગીઓને પણ સમાધિસાધ્ય હોય જે પાર્થને આધીન થયું. પછી તો દિવ્યચક્ષુઓમાં પ્રકાશ પ્રગટ થયો. શ્રી હરિએ ધનંજય પર અનુગ્રહ કરી, તેના મનોરથને પૂર્ણ કર્યો. બધા વ્યાપારોને એકત્રિત કરતું ન તો ઊંચું કે નહોતું નીચું નહોતું ઊંભુ કે નહોતું બેઠું. ન તેની વય કે ન તેનો આદિમધ્યઅંત. જ્યાં આ બધું શોધવાની ખેવના કરતો અર્જુન કોઈ તાગ મેળવી નથી શકતો. આધ્યાત્મસંજ્ઞિત આત્માનું જ્ઞાન, વિવેક દૃષ્ટિ અને ગુહ્ય રહસ્યના ઉઘાડથી મૂઢતાનું અપસારણ થતાં અભેદનો અનુભવ અર્જુન કરે છે. બાદમાં જે અગાઉ સાતમા, આઠમા અને નવમા અધ્યાયમાં કહ્યું તેનું અહીં પુનરાવર્તન કરી કહે છે કે અવ્યક્તમાંથી વ્યક્ત સૃષ્ટિ જન્મે છે. ભવ એટલે ઉત્પતિ અને અવ્યય એટલે લયસ્થાન, પણ એ જ તત્વ છે. યોગેશ્વર ઈશ્વર એટલે મધુસૂદન સરસ્વતીએ યૌગિક સિદ્ધિઓના સ્વામી એવો અર્થ કર્યો. સ્વતેજોમય અદૃષ્ટપૂર્વ સ્વરૂપમાં આદિત્યો, વસુઓ, રૂદ્રો, અશ્વિનીકુમારો, મરૂદ્‌ગણો એ વૈદિક દેવતાઓ કે નારાયણીય ધર્મમાં નારદને દર્શાવેલા વિશ્વરૂપમાં વામે આદિત્યો, અગ્રભાગે વસુઓ, દક્ષિણભાગે રૂદ્રો અને પૃષ્ઠે અશ્વિનીકુમારોનું વર્ણન નિરૂપિત છે.

સંજયદૃશા આ રૂપ અનેક મુખ, અસંખ્યાયુધ-ધારી, દિવ્યમાલાયુક્ત છે. સર્વતોમુખ વિશ્વરૂપદર્શનથી આશ્ચર્ય પામેલા અર્જુને તેઓને પ્રણામ કર્યા. તે સ્વરૂપ દિવ્ય ગંધાદિથી લિપ્ત, અલંકૃત અને સહસ્રો સૂર્યોની ક્રાંતિ ધરાવતું હતું. અનેક દેવોથી યુક્ત શ્રીકૃષ્ણને જોઈને રોમાંચ અનુભવતો, ભાવવાહી રીતે સ્તુતિ કરે છે. હે પ્રભુ હું આપના દેહમાં સહુ દેવ, જીવ, ત્રિદેવ બ્રહ્માદિ વ. જોઉં છું. આપ વિરાટ અક્ષર, વેદિતવ્ય વિશ્વમાત્રૈકસત્તાક અને વ્યાપ્ત છો. દિવ્યમાલ્યામ્બર-ધારી સર્વતોમુખીને જોયા.

શ્રીકૃષ્ણના પ્રસાદરૂપ દિવ્યનેત્રી કમલાસન-સ્થબ્રહ્મા, સર્વઋષિઓ અને દિવ્ય સર્પાદિઓને જુએ છે. હું શંખચક્રગદાદિથી સુશોભિત અનેક બાહુદરવક્ત્રનેત્રયુક્ત આપનો દેહ નીહાળી રહ્યો છું. આપ વિશ્વધાર છો. દેવતાઓ આપની સ્તુતિ કરે છે. શ્રીકૃષ્ણના દર્શનપ્રસાદથી અને દિવ્યચક્ષુઓથી સંદૃષ્ટ અર્જુન નૈકવિધ ભૂતસંઘો, દેહસમૂહો, પિતૃઓ, ઉષ્મપા, મુનિગણો જે ઉગ્રરૂપની આરાધના કરી રહ્યા છે તે જુએ છે. દેવો વિસ્મયથી આ વિરાટરૂપને જોઈ સ્તુતિ કરે છે. સર્વસંહારક એવા પરમાત્માના અનાદિરૂપ પ્રભુ અનેક સશંખી, ચક્રી, કિરીટિ તેજોરાશિ, સર્વતોદીપ્તિમાન, અનલાર્કદ્યુતિ, એપ્રેયમાં જ અગ્નિ જેનું મુખ, શશિસૂર્ય જેનાં નેત્રો, લોકત્રય જેનાથી પ્રવ્યથિત થયા છે. અનાદિનિધન , શાશ્વત અને ધર્મગોપ્તા ભગવાન સનાતન પુરુષ છે. જે શતાધીશ વિશ્વાધાર અને પૃથિવ્યાદિમાં વ્યાપત, નભસ્પૃશ, વ્યાત્તાનન દીપ્તાનેકવર્ણી છે. જેમને જોઈને ધૃતિ ધારણ કરવા અસમર્થ અર્જુન કહે છે –

**धृतिं न विन्दामि शमं च विष्णो।** (ગી. ૧૧-૨૪)

જાણે કે સંહારકાળનો ચંડાનિલ અને મહાકલ્પાંતનો પ્રલયાનલ જોઈ લો. એવું સંહારક મુખ જોતા અધીર અર્જુન દિગ્મૂઢ બને છે. અંતરે મહાનન્દ પણ બહિર શિથિલગાત્રી આમૂલચૂલ પુલકિત થાય છે. જેમ શશિશીતલકરે ચંદ્રકાન્ત દ્રવે તેમ અથવા સુધાકરોદિતે સાગરોચ્છવ થાય તેમ જ ઊર્મિસભર અર્જુન કહેવા લાગ્યો. હે જગન્નિવાસ તમારી અંદર

અનેક મહર્ષિઓ આપને વંદે છે. સમગ્ર લોક ભયભીત છે. હું પણ ધૈર્યવિહીન થઈ અશાંત થયો છું. હું દિગ્શૂન્ય થયો છું. જેમ અશોકને ઊંટ ચાવી જાય તેમ અનંતના મુખે મુકુટ સહિત ધૃતરાષ્ટ્રપુત્રો, ભીષ્મ, દ્રોણ અને કર્ણાદિ શીઘ્રતયા આપના મુખમાં પ્રવિષ્ટ થતા તમારા દંતમાં લગ્ન થયા છે. તેઓના મસ્તકો ચૂર્ણીકૃત થતા જોઈ રહ્યો છું. આ વિશ્વરૂપમાં સબળ તનુગ્રસિત થતાં જોયા. જેમ રોગીમાં જવર કે દુષ્કાળમાં ભિક્ષાનું વર્ધન કે હ્રાસ થતા જોવાય તેમ આહાર નામે સારી સૃષ્ટિને કવલિત કરી બતાવી કૃષ્ણએ. આ કેવું લાગતું હતું? જાણે સાગરનો ઘુંટ ભરવો કે પર્વતને કોળીયો બનાવવો અથવા સારી ચાંદનીને ચૂસી લેવી, એ કેવું લાગે તેવું લાગતુ હતું. જેમ ઈંધણથી વહ્નિ વધે તેમ સમસ્ત લોક વદન જ્વાળાઓમાં ખાક થતા જોયા. ધસમસતો જળપ્રવાહ જેમ સમુદ્ર તરફ આગળ વધે તેમ આ બધા નરલોકવીરો તમારા દ્રષ્ટ્રકરાલ ભયાનક વક્ત્રે કેટલાક ચૂર્ણિત થતાં, કેટલાક શ્લિષ્ટ થતા હતાં. પ્રજ્વલિત મુખ પ્રતિ ધસી રહ્યા છે. કેવી રીતે તો કહે છે જેવી રીતે પતંગ ઉજ્જ્વળ દીપ પ્રતિ ત્વરાથી પ્રવેશે તેમ ઘણા યોદ્ધાઓ મરણોન્મુખ આપના મુખમાં પ્રવેશી રહ્યા છે. આપની આ પ્રવૃત્તિ ન જાણતો–

**मैं मारता, कौरव ये मरते । लिपटा था प्रबल मोह में।**
**वह मोह मिटाने को अन्नत ने । वह दिखाया निज।**

(જ્ઞાને.. ૧૧-૪૦૭)

મારા જેવા પ્રાકૃત માટે આપ નિરાકૃત આકૃત થયા. જેમ વૃક્ષ કોટરોએ પક્ષીકૂલ તેમ આપ આપ કોણ છો? તે મને જણાવો વેદવેદ્ય, ત્રિભુવનૈકાદ્ય, વિશ્વવંદ્ય મેં મનોમાલિન્ય દૂરીકરણાર્થે પૂછ્યું હતું, પણ આપે આ કૃતાન્તરૂપ શા માટે? અથવા બતાવવા માટે આપનો ક્યો અભિપ્રાય હતો? પ્રભુએ અર્જુનના આ ભીત પ્રશ્નનો માર્મિક ઉત્તર આપ્યો અને કહ્યું કે હું આ લોકોનો સમાહર્તા છું. તારા લડ્યા વિના પણ આ યુયુત્સુઓ શેષ નહીં રહે. તેથી ઊભો થા અને યુદ્ધ કર, યશ પ્રાપ્ત કર. માત્ર નિમિત્ત બનતો–

**तस्मात्तवमुत्तिष्ठ यशो लभस्व जित्वा शत्रुन्मुक्ष्व राज्यं समृद्धम् ।**
**मयैवेते निहताः पूर्वमेव निमित्तमात्रं भव सव्यसाची।।**

(ભ.ગી. ૧૧-૩૩)

સર્વહર દેવીભાગવતાનુસાર કાલિકા પણ છે જો અર્જુન તારા પ્રયત્ન વિના પણ સૌ સંહારગ્રસ્તને મેં ઉપસંહત થતા બતાવ્યા, તેથી તારા સવ્યસાચિપણાને સાચો કરતો નિમિત્તમાત્ર બન.આમ કૃષ્ણના કથનથી આશ્વસ્ત થતો, કંપાયમાન ધનંજય નમસ્કાર કરે છે.

પરમાત્માના કાળસ્વરૂપે આ કાલાનલમાં પ્રવિષ્ટ થતાં બળાત્કારે સર્વ નાશ પામી રહ્યા છે. આ પરમાત્માની પ્રવૃત્તિ અર્જુનના સમજમાં નથી આવતી.

સ્તુતિકર્તા અર્જુન કહે છે. હે ઋષીકેશ આપના ગુણાનુવાદ ગાઈને લોકો પ્રસન્ન થાય છે, તે સર્વથા યોગ્ય છે. આપ ત્રિજગતના આદ્ય આશ્રય, સકલ જીવનિધાન છો. આ વાયુવરુણયમસ્રષ્ટાદિ આપ છો. આમ સાનુરાગ પાંડુસુતે નમન કર્યા. સાદ્યન્ત સહસ્રવાર નમન કર્યા. આપ તો બ્રહ્માના પણ આદિ કારણ છો જગદાધાર સદસદથી પર જે અક્ષર છે તે આપ છો. આપને ભૂયોભૂયઃ પ્રણામ. આપનો મહિમા ન જાણવાથી મિત્ર સમજીને પ્રેમ કે પ્રમાદથી જે કાંઈ કહ્યું તે અથવા સૂતાં જાગતાં, બેસતાં કે ઉપહાસમાં અથવા પ્રત્યક્ષ કે પરોક્ષમાં આપનું અપમાન કર્યું. મેં તો કામધેનુ છોડી અશ્વ પાળ્યો હોય તેમ પારસનો પર્વત છોડી કાંકરા ભેગા કર્યા હોય કે પછી કલ્પતરુ છોડીને બબુલ વાવ્યા જેવું કર્યું **'हे यादव हे कृष्ण सखेति मत्वा ।'** આપને મારો સારથિ બનાવ્યો. તેને હું આ દેહ પ્રસારી પ્રણામ કરું છું. **वासुदेवं सर्वमिदम्** એ ગીતાનું પ્રમુખ સ્ટેટસ્ છે– **वासुदेव सर्वमिति स महात्मा सुदुर्लभः**

(ભ.ગી. ૭-૧૯)

વિશ્વરૂપદર્શન બાબતે શ્રી અરવિંદનો અનુભવ કંઈક આવો છે 'મેં જોયું કે મારી ચોતરફ ઉભેલ જેલની ઊંચી ઊંચી દીવાલો એ કંઈ દીવાલો ન હતી. એ તો વાસુદેવ મને પોતાને ઘેરીને ઊભા હતા. મારી ખોલીના આંગણામાં આવેલા વૃક્ષની નીચે હું ચાલતો હતો, પણ એ કંઈ વૃક્ષ ન હતું મેં જોયું કે એ વૃક્ષ વાસુદેવ જ છે.

શ્રીકૃષ્ણ જ છે. એ ત્યાં ઊભા છે ને મારા ઉપર છાયા ઢાળી રહ્યા છે. મેં મારી કોટડીના સળીયા તરફ, બારણાની ઝાળી તરફ નજર નાંખી અને ત્યાં પણ મેં વાસુદેવને જોયા. નારાયણ પોતે જ મારી રક્ષા કરતાં મારા ઉપર પહેરો ભરતા ત્યાં ઊભા હતા. મને સૂવા માટે મળતા ખરબચડા ધાબળા ઉપર સૂતો ત્યારે પણ હું અનુભવવા લાગ્યો કે મારા સૃહ્દ અને પ્રિયતમ શ્રીકૃષ્ણના બાહુઓ મને વીંટળાઈ વળ્યા છે.

પ્રભુએ મને જે ગહન દૃષ્ટિ આપી તેનો પહેલો ઉપયોગ એ હતો હું જેલના કેદીઓ, ચોરો, ખૂનીઓ ઉઠાવગીરોને જોવા લાગ્યો. અને મને ત્યાં વાસુદેવ દેખાવા લાગ્યાં હવે શ્રી અરવિંદનું સમગ્ર જગત કૃષ્ણમય બની ગયું. અને તેમની એકાંત સજા આનંદમાં પલટાઈ ગઈ. કારણ કે બધું જ પ્રભુમાં આવિર્ભૂત બની ગયું.

તેઓ લખે છે મારા હૃદયમાં એવી નિર્મળ શાંતિ નિવાસ કરવા લાગી કે જેનું વર્ણન કરવું મારી શક્તિની બહાર છે. મારા અંદરના કમાડ ઉઘડી ગયા અને સર્વ જીવો પ્રતિ પ્રેમની ધારા વહેવા લાગી. (અરવિંદ પૃ. ૧૬૧,૧૬૨)

સૃષ્ટિના ધારકપોષકસંહારકને સાક્ષાત જોવા માટે ઈચ્છા કરી. શિષ્યના અધિકારની રક્ષા કરતાં પ્રભુ તેને દિવ્યચક્ષુદાન કરે છે. પ્રભુના રૌદ્ર અને સૌમ્ય બન્ને રૂપોને જોતાં કૃષ્ણસખા અર્જુન ઈશ્વરલીલાનું એક ટેલર માત્ર જુએ છે.

નિવેદન કરતાં કહે છે. હે પ્રભુ આપના મહત્ત્વથી સિદ્ધો સ્તુતિ કરે છે અને રાક્ષસો પલાયન કરે છે. જે વ્યક્તાવ્યક્ત કે ક્ષરાક્ષરના સમાનાર્થી એવા કારણાવસ્થ પ્રકૃતિ સત્ અને કાર્યાવસ્થ પ્રકૃતિ અસત્ એવું રામાનુજાચાર્યનું માનવું છે. પરમમ્ કહેતા જીવ નહિ, બ્રહ્મને જ અક્ષર કહ્યું છે. સદસદ્રુપ માયાથી પર બ્રહ્મજ્ઞાતા-જ્ઞેયને અર્જુને ક્યારેક મિત્ર તો ક્યારેક ઉપહાસમાં અપમાનિત કર્યાનો પશ્ચાતાપ અનુભવે છે. આ સહસ્રભુજરૂપને ત્યજીને ચતુર્ભુજરૂપને જોવા કાંક્ષે છે.

**मा व्यपेत भीः प्रीतमनाः पुनस्त्वं तदेव मे रुपमिदं प्रपश्य।**

(ગી. ૧૧-૪૯)

ભગવાનના આ વિરલરૂપને તપ,ધ્યાન કે દાન તથા યજ્ઞથી નથી જોઈ શકાતું પરંતુ તે **'अभयं वै जनक प्राप्तोऽसि'** જેમ અનન્ય ભક્તિથી પ્રાપ્ત કરી શકાય છે.

સૃષ્ટિ આખી એક અત્યંત વિશાળ અને દિવ્ય જીવન પ્રતિ વિકસી રહી છે. વિકાસની એ ક્રિયાને વેગવંતી બનાવવા અને તેમાં નવ પવનનું સીંચન કરવા પરમાત્મા સૃષ્ટિની મર્યાદાઓમાં આવિર્ભાવ પામે તે જ અવતાર છે. **'कृष्णास्तु भगवान स्वयं वृषणीनां वासुदेवोऽस्मि।'**પરમાત્મા સ્વ માટે પ્રથમ પુરુષ એકવચનનો પ્રયોગ કરે છે. આમાં શ્રીકૃષ્ણ રૂપે પરમાત્મા છે. એમ કહ્યું એ એક વાત છે; જેમાં તત્ત્વ નિહિત છે. અને શ્રીકૃષ્ણ એટલે પરમાત્મા અને પરમાત્મા એટલે શ્રીકૃષ્ણ એમ કહ્યું છે તે બીજી વાત. જેમાં સંપ્રદાય અને શ્રદ્ધા નિહિત છે.'(મશરૂવાળા)' કૃષ્ણાવતાર એ પરમાત્માનું શરીરમાં રૂપાન્તરણ નથી, એ માનવીય ચેતનાને ઉર્ધ્વગામી બનાવી ને પરમાત્મામાં રૂપાન્તરણ છે. (Ibid પૃ.૩૭ ડૉ. રાધાકૃષ્ણન્)

આચાર્ય, નલિની-અરવિંદ એન્ડ ટી. વી. પટેલ
આર્ટ્સ કૉલેજ, વલ્લભવિદ્યાનગર
મો. ૯૪૨૬૦ ૭૫૩૮૦

...અનુ. પાના નં. ૧૨ પરનું

ગુજરાતમાં આવા ઘણા જાતભાતના પ્રદેશો છે. નવરાશે તે તરફ ઉતરી પડવાની જ જરૂર હોય છે બહુ દૂરના સ્થળોએ દોડવાની અને મોટાં આયોજનો કરવાની જરૂર નથી. ચં.ચી. યાદ આવ્યા : ભમીએ ગુજરાત વાટે ને ઘાટે, ન રેલપાટે. આજના માણસોએ અનુકૂળતા કાઢીને આટલું જ કરવાની જરૂર છે. નિજાનંદ માટે.

૬, સ્વાગત સિટી, પેટ્રોલપંપ સામે, પો. અડાલજ,
જિ. ગાંધીનગર-૩૮૨૪૨૧ મો. ૯૭૨૫૦ ૨૮૨૭૪

# चाँद बीबीः एक अमर कहानी

अर्चना आर. बनसोड

## परिचय

अहमदनगर की शहजादी और वीजापुर के अलि आदिलशाह की विधवा चाँद बीबी को चाँद सुलताना के नाम से भी जाना जाता है। उसका आदिलशाही की रक्षक रुप में महत्वपूर्ण योगदान हे। उसको सबसे ज्यादा बादशाह अकबर की विशाल सेना का बडी वीरता से सामना करके निजामशाही के संरक्षक के तौर पर जाना जाता है। जो उसे ईतिहास में अमर कर देता है।

चाँद बीबी का जीवन चित्र(१५५०-१५९९): चाँद बीबी का जन्म १५५० में हुआ वह अहमदनगर के तिसरे शासक हुसेन निजामशाह प्रथम की पुत्री और बुरहान - उल- मुल्क की बहन थी । वह अरबी, फारसी, तुर्की के साथ मराठी और कन्नड भाषाएं जानती थी।[१] उसे बचपन में ही शिकार, घोडेस्वारी और सैन्य का प्रशिक्षण मिला था। राजनीति का अनुसरन करते हुए उसकी शादी बीजापूर के अली आदिलशाह प्रथम से हुई थी। वह पति के साथ युद्ध में जाया करती थी। उसने लडाई में कौशल प्राप्त किया था। उसके समय में कला और संस्कृति को राजकीय संरक्षण मिला। विजापूर आंतरराष्ट्रीय व्यापार का केन्द्र बना। उसने अकबर की सेना से अहमदनगर की रक्षा करके अपनी वीरता और पराक्रमी होने का परिचय दिया। उसने छोटे से जिवनकाल में (४९ वर्ष) मातृभूमि के संरक्षक के तोर पर इतिहास में अपना नाम लिख दिया।[२]

इंग्लेंड की राणी एलिझाबेथ-चाँद बीबी के समकालीन थी। चाँद भी एलिझाबेथ की तरह राजनीति में कुशल और सक्षम थी। निजामशाही राज्य इंग्लेड के राज्य की तरह ही फेला हुआ था। चाँद न केवल धैर्य, वीरता, त्याग और पराक्रम के लिए जानी जाती थी बल्की सौंदर्य ओर आधुनिकता के प्रतिक के रुप में भी चर्चित थी। अगर दिल्ली सलतनत के गुलाम वंश को उसके रजिया सुलताना पर नाज हे, मुगलो को अपने नुरजहाँ पर नाज है, तो अहमदनगर के निजामशाही को अपने चाँद पर गर्व होना स्वाभाविक है।[३]

## विजापूर की रक्षक

बीजापूर उत्तरी कर्णाटक राज्य का एक शहर हे । बीजापूर को राजधानी बनाकर आदिलशाह राज्य की स्थापना १४८९ ई मे युसुफ आदिलशाह ने की। आदिलशाही राजवंश ने बीजापूर में १४८९ से १६८५ ई तक राज्य किया। चाँद बीबी ने पति के मृत्यु के बाद दस साल तक शत्रु से आदिलशाही का संरक्षण किया।[४]

१५८० में अलि आदिलशाही की मृत्यु हो गयी। इस समय आदिलशाही का वारस इब्राहिम आदिलशाह केवल नौ साल का था।[५] परिस्थिति का फायदा उठा के, एक सेनानायक कमालखान ने इब्राहिम का संरक्षक बनके राजसिंहासन हडपने की कोशिश की तो उसे चाँद बीबी ने हाजी किश्वर खान नाम के सरदार की मदत से किले में केद किया ओर मोत के घाट उतार दिया। इब्राहिम का दुसरा संरक्षक किश्वर खान रवैया राज्य के खिलाफ देखते ही उसे भी चाँद ने अपने रास्ते से हटा दिया। उसके बाप चाँद ने इब्राहिम आदिलशाह के संरक्षक के रुप में कुछ साल काम किया।

आदिलशाही में राजकीय अस्थिरता का लाभ उठा के अहमदनगर का निजामशाह और मोलकोन्डा का कुतुबशाह ने बीजापूर पर हमला किया। इस समय विजापूर के पास संयुक्त सेना का सामना करने के लिए पर्याप्त सैन्य नही था। चाँद के सेनानायको ने भी अपने पद का इस्तिफा दिया था। इस संकट के समय उसके द्वारा नियुक्त सेनानायक अबु-उल-हसन ने मराठा सेना की मदत से अहमदनगर और गोलकोन्डा की संयुक्त सेना का पराभव करके उसे वापस भेजा। नाबालिग इब्राहिम की संरक्षक बनके वह आदिलशाही का संरक्षण करती रही। जब बीजापुर में शांती स्थापित हुई तो चाँद अपने जन्मभुमि अहमदनगर चली गयी ।[६]

## अहमदनगर की रक्षक

अहमदनगर महाराष्ट्र का सबसे बडा जिला जो महाराष्ट्र का सबसे प्राचिन शहर भी है। अहमदनगर, अहमद निजामशाह द्वारा सन १४९४ में एक शहर के रुप

में स्थापित किया गया। यह शहर सिना नदी के पश्चिमी तट पर स्थित है। यह नगर निजामशाही सुलतानो की राजधानी थी। अहमदनगर का इतिहास चाँद बीबी द्वारा मुगल सेना का प्रतिरोध तथा मलिक अम्बर की सैनिक एवं प्रशासनिक सुधारणा के कारण अधिक महत्त्वपूर्ण हे। चाँद बीबी के समय अहमदनगर पर दो बार मुगल सैनिक ने आक्रमण किया। दोनो बार उसने बडी वीरता से सामना किया।[७]

**अहमदनगर का प्रथम घेरा**

उत्तर भारत जितने के बाद अकबर ने पश्चिम भारत को अपना लक्ष बनाया।[८] १५९५ में निजामशाह बुरहानुमुल्क की मृत्यु के बाद अहमदनगर में उत्तराधिकार के प्रश्न को लेकर वहाँ के सरदारो में संघर्ष छिड गया। वहाँ अलग–अलग दलो द्वारा समर्पित चार व्यक्ति स्वयं को राजगद्दी का उत्तराधिकारी बता रहे थे। चाँद बीबी भी अपने नाबालिग भतीजे और बुरदानुमुल्क का पुत्र बहादुर को सुलतान बनाना चाहती थी। इसी पृष्ठभूमी में चाँद बीबी के विरोधी सरदारों ने अकबर को हस्तक्षेप के लिए दक्षिण में आमंत्रण दिया।[९] अकबर भी इसी सन्धि की राह देख रहा था। उसने शहजादा मुराद के साथ और अन्य सेनानायकों को दक्षिण में खाना किया।

१८ दिसम्बर, १५९५ ई को मुगल सेना ने अहमदनगर का घेरा डाल दिया। चाँद जो बहादूर की संरक्षिका बन गई थी, वीरता के साथ, शाही सेना का सामना किया। सबसे पहले उसने शमशेरखाँ नामक एक योग्य सेनापति को अहमदनगर किले की सुरक्षा का भार सोंपा। कुछ असंतुष्ठ अमीरों में भी एकता स्थापित कर दी। चाँद के प्रार्थना पर बीजापुर ओर गोलकाण्डा की सहायता के लिए आ पहुंची। मुगल सेना ने सुरंगे लगाकर अहमदनगर दुर्ग की दीवारों को उडाने का प्रयास किया, किंतुं चाँद सर्तक थी, अतः सुरंगो की बारुद निकाल दी गई। जब एक सुरंग के फटने से दीवार उड गई तो उसने वहाँ स्वंय उपस्थित होकर उस दरार को भरवा दिया।[१०]

कहा जाता है कि चाँद बीबी कवच पहिनकर हाथ में तलवार लेकर नगर की दीवार पर पहुँची और अपने सैनिको को उत्साहित किया। वह अपने सिर पर बुर्का ओढे दीख पडी। उसने आक्रमणकारियों को मार भगाने के लिए तोपे लगवाई और पत्थर एक्कठे किए। इनकी मार से मुगलो के कई बार आक्रमण विफल कर दिए गए। रात्रि के समय चाँद ने लक्कडो, लाशो और पत्थरो से कारीगरो के साथ खडी होकर नौ फुट चौडी दरार को भरवाया।[११] चाँद तिन महिनो तक मुगल सैनिको का सामना करती रही। उसके सामने शत्रु को झुकना पडा। अंत में दोनों पक्षो के बीच एक सन्धी हुई जिसके अनुसार बहादुर को अहमदनगर का शासक माना गया और बरार प्रांत मुगलो को सोंप दिया। परिणामी मुगलों ने १५९६ में अहमदनगर का घेरा उठा लिया।[१२] कहा जाता हे, उसकी वीरता से प्रभावित होकर शाहजादा मुराद ने उसे सुलताना केहकर नवाजा।

**अहमदनगर का द्वितिय घेरा**

चाँद बीबी और मुगलो के बीच हुई सन्धि अल्पकालीन सिद्ध हुई। दोनो पक्षो ने एक दुसरे पर संधि की शर्तो की अवहेलना करने का आरोप लगाया। बीजापुर, गोलकोण्डा और अहमदनगर की सम्मिलित सेनाओ ने मुगलो को दिए गए बरार प्रांत पर हमला कर दिया। मुगल सैनिको ने भी ९ मई, १५९९ को अहमदनगर पर फिरसे घेरा डाल दिया। इस समय शहजादा दानियाल मुगल सेना की तरफ से संचालन कर रहा था। चाँद बीबी इस बार भी शत्रु का अद्भूत वीरता के साथ मुकाबला करती रही, लेकिन जब आंतरिक शत्रुओं के कारण स्थिति नाजूक बन गई तो उसने मुगलों के साथ पुनः सन्धि की बातचीत चलाई। कितु उसकी सेना के एक अंग ने इन समजोता –वार्ता को विरोध किया उसके विरुध्ध षडयंत्र हुआ ओर उसकी हत्या कर दी गई। उसके बाद सैनिको में उत्साह नही रहा। मुगलों को किला जितने में कोई कठिनाई नही आयी। अंत मे १८ अगस्त १६०० ई को चार माह और चार दिन के कठोर और खुनी घेरे के बाद अहमदनगर मुगल साम्राज्य में मिला लिया गया। चाँद बीबी की सुरक्षा व्यवस्था इतनी मजबूत थी की उसके जीवित रहने मुगल सेना किले पर कब्जा नही कर सकी।[१३]

जिस किले में रहकर चाँद ने मुगलो को परेशान किया था, वही किले में अंग्रेजो ने भारत छोडो आंदोलन दौरान सरदार पटेल, पंडित नहेरु, अबुल कलाम आझाद और राष्ट्रीय नेताओ को केद किया था। यही पे नेहरुजीने अपनी आत्मकथा, "Discovery of India" लिखा है।- Gazzeteer of Ahmadnagar District, 1976

**चाँद बीबी की हत्या**

चाँद बीबी ने राजकीय पद त्याग देने के बाद उसकी हत्या हुई या उसे नैसर्गिक मोत आयी इसके बारे में इतिहासकारो ने स्पष्टता से लिखा नही हे ।[१४] चाँद बीबी अद्‌भुत वीरता से शत्रु का सामना कर रही थी। उसने अपनी स्थिति को नाजूक देखकर मुगलो के साथ पुनः सन्धि की बातचीत चलाई। उसके विरोधी सेना के एक अंग ने इस समजोता का विरोध किया ।[१५] कहा जाता है हमीद खान नामक एक सरदार ने सेनिको मे अफवा फेला दी की चाँद बीबी ने मुगलो के साथ गुप्त सन्धि की हे, और मुगलों को दुर्ग देने का वायदा किया हे, चाँद बीबी देशद्रोही है। इस बात को सैनिको और लोगो ने मान लिया। उसके विरुद्ध षडयंत्र हुआ और ३ जुलाई १६०० ई में उसकी अपने ही सेना के हाथो हत्या कर दी गयी।[१६] इस प्रकार वीराँगना चाँद बीबी के जीवन का जिसने स्वयं हाथ में तलवार लेकर दुर्ग की रक्षा करने में वीरता दिखलाई थी और असाधाण संचालन का परिचय दिया था, अंत हो गया ।

**समापन**

चाँद बीबी की तुलना इंग्लेंड की रानी एलिजाबेथ ओर दिल्ली सलतनत की रझिया सुलताना के साथ कर के ही हम उसकी योग्यता को न्याय दे सकते हे। उसने संकट के समय में निजामशाही ओर आदिलशाही का संरक्षण करके एक वीर शहजादी और वीर रानी होने का परिचय दिया है। चाँद बीबी अपनी जान की पर्वाह किए बीना अपने वतन के लिए लडती रही। उसका साहस और बहादुरी को देख के उसकी तारिफ किए बीना उसका शत्रु भी नही रह सका। थोडे शब्दो में कहा जाए तो वह एक वीरता, त्याग, साहस, देशभक्ति इन सभी गुणों का संगम हैं। वह मध्ययुगीन भारतीय इतिहास में चमका हुआ एक सितारा हैं।

**संदर्भ**


१. चाँद बीबी https:// hiwikipedia. org/ wiki - चाँद बीबी
२. Celebrating Chanbibi on Womans Day (httpi//india opines. com)
३. The Kingdom of Ahmadnagar, Dr, Redhey Sham Motilal Banarastdas,delhi (16)
४. History of Bijapur, D.C. Verma, Kumar Brothers, New Delhi
५. Ibid.
६. चाँद बीबी (१५५०-१५९९) http://www. avibusnist orige.com/chand=Bibi
७. अहमदनगर(विकिपीडीया)http://him wikipedia org> wiki
८. मध्यकालीन भारत विदयाघर महाजन एस. चन्द एन्ड कंपनी लि. नई दिल्ली
९. प्राचीन और मध्यकालीन भारत, उषा चोप्रा, सुलतान चन्द एन्ड सन्स.
१०. मुगलकालीन भारत (१५२६-१६५६) प्रतापसिंह, रिसर्च पब्लिकेशन्स, जयपूर (१५)
११. History of Medieval India (Sultanate, Period and Mughal Period), V. D. Mahajan, S. Chand and Company Ltd., New Delhi
१२. मुगलकालीन भारत (१५२६-१६५६) प्रतापसिंह, रिसर्च पब्लिकेशन्स, जयपूर
१३. The Kingdom of Ahmadnagar, Dr. Redhey Sham, op, cit.
१४. India History (AD 1206-1947), K. L. Khurana, Lakshmi Narayan Agarwal.



Director I/C
Center for Studies and Research on Life and Works of Sardar Patel (CERLIP) Vallabh Vidyanagar


...અનુ. પાના નં. ૬ પરનું

**પુરુષાર્થ. દરેક પ્રાપ્તિ તેની સાથે આનંદની ભેટ લાવે છે. જેટલી ઊંચી પ્રાપ્તિ, તેટલો જ ઊંડો આનંદ. આ આનંદ ખરેખર અતૂટ, અદ્‌મ્ય અને અચળ હોય છે. મનુષ્યની પ્રાપ્તિ ભૌતિક બાબતોને લઈને હોય, તો પણ આધ્યાત્મિક આનંદનો પુરસ્કાર તેને મળે જ છે.**

માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

# ચુંબકીય શક્તિ

ગૌરીશ જે. પોરીઆ

સંસારમાં સુખ-દુઃખ, હાર-જીત, સારું-નરસું, પ્રેમ-નફરત, રૂદન-હાસ્ય વગેરે વગેરે ઠેર ઠેર જોવા મળે છે. કુદરતની આ એવી વ્યવસ્થા છે, એવી ગોઠવણ છે જેનો કોઈ પાર પામી શકયું નથી અને પાર પામી પણ નહીં શકે. આ એક ગૂઢ રહસ્ય છે અને જગજાહેર પણ છે. ઈશ્વરને માનો યા ન માનો પરંતુ એની આ વ્યવસ્થાને નકારી નહીં શકો. મા-બાપ, ભાઈ-બહેન,ગુરુ-શિષ્ય,મામા-મામી,કાકા-કાકી વગેરેના જોડકાંનો ઈન્કાર કરી શકશો? ક્યારેક એવી પરિસ્થિતિ આવી પડે છે કે ના તો સ્વીકારી શકીએ છીએ કે ના તો એનાથી છૂટકારો મેળવી શકીએ છીએ. રાત-દિવસ-રાત યુગો યુગોથી એ ક્રમ નિરંતર ચાલતો આવ્યો છે. મતલબ કે એક વિના બીજું અને બીજા વિના પહેલું સાવ અધૂરું  છે. પરસ્પર એકબીજાનું પૂરક છે.

ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરે છે. પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે. બધા જ ગ્રહો પોતપોતાની ભ્રમણકક્ષામાં ચક્કર ચક્કર ફરે છે. કોઈ એકબીજા સાથે ટકરાતા નથી. કોઈ કોઈની ભ્રમણકક્ષામાં વિક્ષેપ કરતા નથી. કારણ? વિજ્ઞાન પાસે એનો જવાબ છે અને તે છે Theory of Gravitation. ગુરુત્વાકર્ષણના સિદ્ધાંત મુજબ એકબીજાને ખેંચી રાખે છે. મનુષ્ય જાતમાં પણ ચુંબકીય તત્ત્વ હોય છે. દરેક માનવીમાં ઓછા-વત્તા અંશે ચુંબક તત્ત્વ રહેલું હોય છે. એટલે જ એકબીજા તરફ ખેંચાય છે, એકબીજા તરફ આકર્ષાય છે, સંમોહિત થાય છે. જેને આપણે લાગણી/પ્રેમ કહીએ છીએ. કોઈ વ્યક્તિને આપણે ક્યારેય મળ્યા ન હોય અને અચાનક ભેટ થાય અને તેના પ્રત્યે આપણે હકારાત્મક અભિગમ અપનાવીએ છીએ, તે શું છે? એનો સહવાસ/સાહચર્ય ગમે છે, વ્યવહાર ગમે છે, વર્તન ગમે છે, શા માટે? ચુંબકીયતા આપણને એમ કરવા પ્રેરે છે. જ્યારે એથી વિપરીત કોઈ મનુષ્યને આપણે જરાપણ પસંદ કરતા નથી,પરાણે વ્યવહાર/સંબંધ રાખવો પડતો હોય અને અંતરથી એને ધિક્કારતા હોઈએ છીએ એ નકારાત્મક અભિગમની નિશાની છે શું? આપણે એને પંચાતિયો કહેતા હોઈએ પરંતુ એ જ વ્યક્તિ કોઈ બીજા સાથે સુમેળભર્યા સંબંધોથી પ્રિય હોઈ શકે. એટલે ચુંબકીયતા દરેકમાં અલગ અલગ માત્રામાં, અલગ અલગ સ્વરૂપે રહેલી હોય છે. એક વ્યક્તિનું બીજી વ્યક્તિ સાથે ખેંચાણ, આકર્ષણ, કુણી લાગણી વગેરે એનું દૃષ્ટાંત છે. કોઈ કોઈમાં નકારાત્મક તો કોઈ કોઈમાં હકારાત્મક ચુંબકીય તત્ત્વ રહેલું હોય જ છે.

લોહચુંબક નીચે ટાંચણી ઊભી રાખો. ટાંચણીથી લોહચુંબકને એટલા અંતરે રાખો કે તે ચુંબકને ચોંટી ન જાય કે ચુંબકક્ષેત્રની બહાર જઈ, પડી ન જાય. તેનું આ આદર્શ લેવલ જળવાઈ રહે તો તેના સંબંધોની સફળતા છે.માનવીય સંબંધો પણ કંઈક એવા જ હોય છે, લોહચુંબક અને ટાંચણી જેવા. જેઓ આદર્શ પોઝીશનમાં હોય છે તેઓ લાંબા સમય સુધી પરસ્પર જોડાયેલા રહે છે. જાણે-અજાણે પણ એકબીજા સાથે ખૂબ હળીમળી જાય છે કારણ કે બન્નેમાં રહેલું ચુંબકત્વ એને અલગ થવા દેતું નથી. આ ઘટના તો પરાપૂર્વથી ચાલતી આવી છે. કહો કે બ્રહ્માંડની ઉત્પત્તિ સાથે જ એ ચુંબકત્વનું નિર્માણ થયું હશે એટલે જ આખું બ્રહ્માંડ અને બ્રહ્માડમાં ફરી રહેલા ગ્રહો, ઉપગ્રહો, તારાઓ, નિહારિકાઓ, સૂર્ય, ચંદ્ર, પૃથ્વી વગેરે વગેરે યોગ્ય જગ્યાએ સ્થાપિત થયાં છે. જેથી કોઈ કોઈના માર્ગમાં આવતા નથી અને બધા આદર્શ સંબંધોથી એવા ગોઠવાયા છે કે એમાં તસુનો પણ ફરક પડતો નથી અને એટલે જ આખું બ્રહ્માંડ શૂન્યાવકાશમાં ટકી રહ્યું છે.

કુદરતે નિર્માણ કરેલી ચુંબકીય વ્યવસ્થા સમગ્ર સૃષ્ટિને લાગુ પડે છે; જે તેની ઉત્પત્તિ સાથે જ જોડાયેલી છે.

આ સમયે મને Percy Bysshe Shelley નામના કવિએ તેની કવિતા "Love's Philosophy" જે તેણે ૧૮૨૦માં લખેલી, બરાબર યાદ આવે છે.

The fountains mingle with the river,
and the rivers with the ocean;
The winds of heaven the wen mix
forever, with a sweet emotion.
Nothing in the world is single,
all things by a law devine;
in one-another's being mingle,
way not I with Thine?

**ભાવનુવાદઃ** વરસાદની વાછટ ભેગી થઈને નદી બને છે અને અનેક નદીઓ સાગરમાં ભળે છે, જેમ કાયમ માટે મધુર લાગણી સાથે સ્વર્ગની લહેરખી ભળે છે. કુદરતી નિયમને આધિન આ જગતમાં કોઈ એકલું નથી, બધા એકબીજા સાથે સંલગ્ન છે તો હે ઈશ્વર હું તારી સાથે કેમ નહીં? હતાશ અને નિરાશ માનવી પોતાને એકલવાયો સમજે છે. મારું આ દુનિયામાં કોઈ નથી. સગા-સંબંધી, મિત્રો કોઈ જ મારું નથી. મને સૌ અવગણે છે. એની આ માનસિકતા નકારાત્મતાને જન્મ આપે છે. હકીકતમાં કોઈ ને કોઈ એની સાથે જોડાયેલ હોય જ છે પરંતુ એ એટલો વિક્ષુબ્ધ અવસ્થામાં સપડાયેલો હોય છે કે તેનો અનુભવ કરી શકતો નથી.

દીવાને પ્રજવલિત રાખવા માટે તેલ, રૂ, કોડિયું જ પર્યાપ્ત નથી એને હવાની પણ જરૂર પડે છે. હવા જ એનો શ્વાસોચ્છવાસ છે અને એ પણ પ્રમાણસર તેનો સાથ આપે તો. ઓછી હવા એને ગુંગળાવી નાખશે, જ્યારે વધારે માત્રાની હવા એને નષ્ટ કરી શકે છે. સંબંધો તો જ લાંબા સમય સુધી ટકી શકે જો તેઓ પરસ્પર પ્રમાણસર રીતે જોડાયેલા હોય તો. એકબીજાનું અસ્તિત્વ એકબીજાનું પૂરક બની રહે એ જરૂરી છે અન્યથા કોઈ એકનું કોઈ અસ્તિત્વ રહેતું નથી. કોઈ એક એટલે Nothing. આ આખું બ્રહ્માંડ એટલે જ તો ટકી રહ્યું છે. માત્ર હું અને તમે એટલે કશું નહીં, હા, અમે અને આપણે એટલે બ્રહ્માંડ.

વિજ્ઞાને એ તો સાબિત કરી આપ્યું છે કે પૃથ્વી ગોળ છે અને એ પણ સાબિત કરી દીધું છે કે તમામે તમામ ગ્રહો ગોળાકાર છે અને પોતપોતાની ભ્રમણ કક્ષામાં ગોળ ગોળ ફરી રહ્યા છે અવિરત. કોઈ ગ્રહ ચોરસ નથી કે પછી લંબગોળ નથી. સૌ કોઈની ભ્રમણકક્ષા અલગ અલગ નક્કી થઈ હોય તે પ્રમાણે નિયમિત રીતે ઘૂમે છે. એવું પણ બની શકે કે આપણી પૃથ્વી, પહાડો, નદીઓ, સાગરો, મનુષ્યો, જાનવરો, જંગલોથી ભરપૂર અને સમૃદ્ધ છે તેવી રીતે અન્ય ગ્રહો પણ એની રીતે સમૃદ્ધ હોઈ શકે. પ્રાણવાયુના અસ્તિત્વથી ચોતરફ જીવસૃષ્ટિ આપણે જોઈ શકીએ છીએ તેવી જ રીતે અન્ય ગ્રહો ઉપર કોઈ અન્ય વાયુ કે તત્ત્વ દ્વારા સૃષ્ટિનું નિર્માણ અને ભરણપોષણ થતું હોય! એવા જીવોને આપણે ''એલિયન''ના નામે ઓળખીએ છીએ. શારીરિક રચનામાં બુદ્ધિના વિકાસમાં અને જીવવા માટે જરૂરી તત્ત્વોનો વિકાસ અલગ અલગ રીતે થયો હોય એમ પણ બની શકે.એવું પણ બની શકે કે તેઓ આપણાથી વધારે શક્તિશાળી,બુદ્ધિશાળી અને આધુનિક હોઈ શકે!

સાહિત્ય-સંગીત-કલાના ક્ષેત્રોની સમૃદ્ધિ આપણાથી પણ કદાચ અનેક ગણી હોઈ શકે. કદાચ તેઓ આપણા જેટલા લાગણીશીલ-ઊર્મિશીલ હોઈ શકે અને ન પણ હોઈ શકે. એ તો બધી માત્ર કલ્પના જ છે. વાસ્તવિકતાનો સાક્ષાત્કાર ભવિષ્યમાં થશે કે નહીં થાય એ તો વિચારોની મર્યાદા બહાર છે.

આવું તો દરેક ગ્રહ વિશે પણ વિચારી શકીએ કે જેને આપણે-આપણા વૈજ્ઞાનિકો ઓળખતા પણ નથી કે ત્યાં સુધી આપણી પહોંચ પણ ન હોય. કારણ કે આપણા વિચારોની મર્યાદા, આપણી કલ્પનાઓની મર્યાદા કે પછી આપણા અનુભવોની મર્યાદા અમુક હદથી આગળ જવા જ નથી દેતી તો પણ નિયમ તો આખા બ્રહ્માંડમાં બધે એક જ લાગુ પડવાનો-ચુંબકીય શક્તિનો.

અનુ. પાના નં. ૨૭ ઉપર...

## રમતગમત અને પ્રવૃત્તિ દ્વારા પર્યાવરણીય મૂલ્યોનું શિક્ષણ

પ્રફુલ્લા વોરા

વૈશ્વિક દૃષ્ટિએ શિક્ષણ સાથે સંકળાયેલી સાંપ્રત બાબતો હોય તો એ છે મૂલ્ય શિક્ષણ અને પર્યાવરણ શિક્ષણ. શાળામાં મૂલ્ય શિક્ષણ એ સમયની માંગ છે,તો પર્યાવરણ શિક્ષણ એ સાંપ્રત સમયની જરૂરિયાત છે.પરિણામે આ બંને બાબતોને સાંકળીને ઉભરી આવેલી નવી સંકલ્પના પર્યાવરણીય મૂલ્ય છે.આવા મહત્ત્વના મુદ્દાનું શિક્ષણ સામાન્ય યા ચીલાચાલુ પદ્ધતિથી કરવાથી શિક્ષણમાં જોખમી વાતાવરણ જન્મે છે, જે અંતે પર્યાવરણીય મૂલ્યોમાં નકારાત્મક અસર ઊભી કરે છે.જો પ્રવૃત્તિ અને રમતગમતને સ્થાન આપવામાં આવે તો વિદ્યાર્થીઓ હકારાત્મક રીતે આ મૂલ્યો આત્મસાત્ કરી શકે.

પર્યાવરણીય મૂલ્ય એટલે પ્રાકૃતિક સ્રોતો કે જીવનનાં આધારતંત્ર પ્રત્યે કોઈ પણ વ્યક્તિનો વ્યક્તિગત લગાવ,પ્રેમ, તેનું સન્માન અને જાળવણી માટેના પ્રયત્ન અને સદ્ભાવ. આવી સમજ કેળવવા માટે કેટલીક પ્રવૃત્તિઓ અને રમતગમત વિષે ટૂંકમાં વિચારવાનો અહીં ઉપક્રમ છે.

**(૧) ચિત્રનું નામાંકન અને 'R' નું અર્થઘટન**

આ વિશિષ્ટ પ્રવૃત્તિ છે.પર્યાવરણના વારસાનો બગાડ થતો અટકાવવો,તેનું પુનઃ નિર્માણ અને પુનઃ ઉપયોગના સિદ્ધાંત પર આ પ્રવૃત્તિ આધારિત છે.

દરેક વિદ્યાર્થીને પદાર્થ કે વસ્તુનું ચિત્ર આપવામાં આવે.આ ચિત્રને ઓળખીને,તેના નાશ પછી તે પુનઃ નિર્મિત કે પુનઃઉપયોગી છે એ દર્શાવવા માટે ચિત્રની બાજુમાં 'R'ના સંકેતથી દર્શાવવા જણાવવું. (reusable કે recyclable) પુનઃઉપયોગી, પુનઃ નિર્મિતના સંદર્ભે વિચારવાનું કહી શકાય. ધોરણ કે કક્ષા પ્રમાણે ચિત્રો આપવાં. જે વિદ્યાર્થી ચિત્રને ઓળખી 'R' ની પ્રકિયાના સંકેત જણાવી શકે તે વિદ્યાર્થીને અગ્રતા ક્રમ આપી શકાય આ પ્રવૃત્તિ ઘણી રસપ્રદ બની શકે. પર્યાવરણના વારસાની ઓળખ અને જાળવણીનો ખ્યાલ સ્પષ્ટ થઈ શકે છે.

**(૨) પાર્સલ ગેઈમ (પ્રદૂષણ, કાર્યકારણ સંબંધની જાણકારી)**

આ રમત વિશિષ્ટ છે.તેમાં પ્રદૂષણ વિષયક વિવિધ ચિઠ્ઠી બનાવવામાં આવે છે. દા. ત. ધૂમાડો, કચરો, રસાયણે વગેરે. એક એક ચિઠ્ઠી મૂકીને તેને પડીકામાં મૂકતા જઈને મોટું પાર્સલ (પડીકું) તૈયાર કરવામાં આવે છે.

વિદ્યાર્થીઓ ગોળાકાર બેસી જાય, ત્યારે સંગીતના તાલ સાથે આ પાર્સલ વિદ્યાર્થીઓમાં ક્રમિક રીતે ફરતું રહે. તાલ બંધ થાય ત્યારે જેના હાથમાં આ પાર્સલ હોય એ ખોલીને જે ચિઠ્ઠી નીકળે એ પ્રમાણે એ વિદ્યાર્થીએ પ્રતિચાર આપવાનો હોય. એ શાબ્દિક હોય કે અશાબ્દિક. જે યોગ્ય રીતે પ્રતિચાર આપે એ વિજેતા થાય. આમ આ રમતથી પ્રદૂષણ નિવારવામાં વિદ્યાર્થીની ભૂમિકા સમજાય છે. અને જાગૃતિ કેળવાય છે.

**(૩) કહેવત કે ઉક્તિનું સર્જન** (Passing the good word) **(પ્રકૃતિ : રક્ષણની જરૂરિયાત )**

આ રમતમાં વિદ્યાર્થીઓના ચાર પાંચ જૂથ બને. દરેક જૂથ પર્યાવરણ વિષયક કહેવત કે ઉક્તિ બોલે.બીજાને ન સંભળાય એમ વિદ્યાર્થી ક્રમિક રીતે આ ઉક્તિ એકબીજાને કહેતા જાય. છેલ્લે જે વિદ્યાર્થી હોય એની પાસે ઉક્તિ કે કહેવતમાં ફેરફાર થાય અને નવી ઉકિત રચાય છે. દા. ત. અળસિયું ખેડૂતનો મિત્ર છે. હવે આ ઉક્તિ ક્રમિક રીતે બોલાય ત્યારે બદબાઈને નવી ઉક્તિ બની શકે છે. આ રીતે ખૂબ જ રસ પડે એવી આ સરળ રમત છે.

આ ઉપરાંત પણ બ્રેઈન સ્ટોર્મિંગ કે ગ્રુપ-જૂથમાં અન્ય નવી રમત કે પ્રવૃત્તિઓ પ્રયોજી શકાય.

અનુ. પાના નં. ૨૭ ઉપર...

## Living a Stress-Free Life

**Samir J. Dabhi**

In this world of comparison and competition, one has to be on his / her toes. Today, success is weighed against the amount of money earned per minute. The world today welcomes only the successful people. And successful persons are those who are at the top in all fields. There is no second place. People with 'second class' skills have no place anywhere today. If one wants to survive, one has to be at the top. Everybody is running for the first place. The race for the first place has turned out to be the deadliest these days. The 'healthy competition' of yore has been replaced with 'mean competition'. It has been contaminated with a lot of vices. Ignoble means have been widely and freely employed all over the world in all fields today. Today people are not bothered about the means. They are interested in the final outcome. The blind race for 'success' and 'achievement' always keeps targets in front of him that, in turn, propel his chase. All these keep him too busy. His life gets divided into strict time zones. He no more remains a human being and becomes a machine. Like an electronic gadget, he drags on his existence to fulfill his duties. All human feelings and affections find no room in his life. Having lost all the fine qualities of a human being, he finds life dry and monotonous.

Such a life eventually begets stress. Stress is a typical state of mind wherein the man encounters a bunch of negative / harmful emotions and / or impulses such as fear, anger, depression, confusion, envy etc. It adversely affects not only his work but also his whole life. It not only takes away all the satisfaction and joy of working but also the happiness of his / her personal / family life. He finds no solace at any place and drags on the hellish existence with taxing efforts. Sometimes the man faces dire consequences of this state and pays with his own life. Everyday we come across incidents of suicides, sudden deaths, murders, inhuman atrocities etc. around us. All these are the ugly manifestations of stress. It is fatal for the man and harmful for everybody and everything around him.

To save one's self from certain horrible situations and consequences, stress needs to be controlled or managed. The man should take control of it before he is overtaken and overpowered by the negative elements of stress. The man needs the art or the technique of stress management more than anything else today. We have a number of institutions, clinics, courses, help centers and even medicines to control or to cure stress or the disturbed state of mind.

Today most of the human beings need external help to control the stress. It is all because the man has either not learnt or unlearnt the fine soft skills that dilute or demolish the stress. The man can take control of all situations that arouse stress in his life. The man has a number of means at hand which he hardly recognizes in this world of 'performance index' and 'target achievement'. Small and simple matters of everyday life should be taken care of in order to save one's own self from big problems aroused by stress.

The first and foremost thing for the man is to take life easily. 'Take life easy' in no way means lethargic attitude towards life. It means taking life without any fear, hurry, tension and other negative emotions. Each task, small or big, important or unimportant, should be taken

with balanced mind, mental repose, peace and patience. Each task should be given its due importance and be carried out in due course of time. It is also a fact that in the modern era, quick completion of tasks is much needed. A thorough concentration is required on the part of the person. The skill of focused attention helps a lot while working with a fixed time boundary.

At the second place comes the maxim of 'as and when'. Each task should be given due attention as and when it comes up. That is to say that there should be no worry about the task that has yet not come up. Of course, practice, preparations and awareness should be undertaken as part of self- orientation. Each task has its own time and has its own hardships and burden. Each task extracts energy from us. The thought of the toil of all days together is tiresome enough to disintegrate one into crumbles. That is why we have a maxim in our scriptures 'a day's toil is enough for a day'. If our mind is overburdened with the worrying thoughts of the 'would be turn of events' and of the corresponding concerns, it will be impossible for us to attend satisfactorily the tasks at hand.

At the third place comes the highly valued but rarely possessed element called 'self-confidence'. It is one of the most important traits that equips one to combat stress or rather it allows no stress to stalk anywhere around the person. It, in fact, forms an impermeable cover safeguarding one from any possible attack of stress. A self-confident person works with greater poise, integrity, ease, wisdom and common sense. The task that has all these ingredients into its making is bound to be superlative in nature and also in character. Any stress cannot prey the person who carries out all tasks with self-confidence. The task may fail to achieve the desired results but that does not distract the person from the path.

Entertainment or recreation is also an amazing armor to combat stress. The biggest entertainment or recreation is to indulge in any creative activity of one's own choice. Each one of us has been endowed with invaluable / priceless gifts in the form of hobbies. Spare time, withdraw from outside world and look within. Priceless jewels of hobbies will be found lying there waiting for you to notice. It can be reading, writing, listening to music, drawing and painting, sculpting etc. The raw diamonds of the hobbies, when cut and polished, turn out to be priceless jewels of unique and unparalleled beauty. This beauty brings enormous joy to the mind. A joyous and elevated person hardly experiences any stress.

Stress gets remedial touch with the company of good friends. To be in company of good friends does not imply leisurely 'gossiping' in herds like groups which is a common scene in India. The company of people with positive and progressive mind-set and attitude is certainly proved to be a great help in the times of crisis and stress. It may be the company of a friend or a teacher or a class-fellow or a family member. The company is in the spirit of 'a friend, philosopher and guide'. The soothing touch of a friend helps greatly in diluting stress.

Over and above all, there comes 'faith' in the Almighty as the highest remedy. Faith in Him is the biggest support. Prayer is the food of the soul. People, in most parts of the world, view these spiritual practices through the prism of the organized religions that they follow. And in that context, we have believers (religious) and non-believers ('atheists' as they are called). In fact, these spiritual activities of

cultivating faith and prayers are meditation – to be one with the cosmic spirit or consciousness. It is transcendental and transports the man into the metaphysical existence from that of physical one. It certainly eases the worldly worries. Instead of indulging into the water-tight compartments of organized religions (which is physical in nature and form), spiritual practices like meditation, spiritual discourses of various faiths, help to ease stress.

One has to develop a dynamic personality in order to be free from stress in this ever-changing world. One needs to imbibe the required traits to equip one's self to work successfully with all peace and poise in stressful situations. It is the need of the hour to build our own beings with soft and fine skills that make us solid from within.

Arts, Commerce and Science College, Borsad
Mo: 94262 20688

...અનુ. પાના નં. ૨૪ પરનું

છેવટે તો મૂલ્ય એ જીવનનો ભાગ બની જાય અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ કેળવાય એ રીતે રસપ્રદ વાતાવરણમાં મૂલ્યોનું સંવર્ધન થાય એવી તક અહીં રહેલી છે. નવી દિશા અને નવું કરવાની ઝંખના શિક્ષણની ક્ષિતિજો પર સોનેરી સૂર્યના સ્વપ્નને જરૂર સાકાર કરી શકે.

બી ૧, પલ્લવ એપાર્ટમેન્ટ, રબ્બર ફેકટરી સામે,
ભાવનગર-૩૬૪૦૦૧ મો. ૯૪૦૯૪ ૬૭૯૩૪

...અનુ. પાના નં. ૨૩ પરનું


સંસ્કૃતનું એક સુભાષિત યાદ આવે છેઃ તારી વીણાના તાર એટલા ઢીલા ન રાખ કે જેથી એ બેસૂરી વાગે અને એટલા સખત પણ ન રાખ કે જેથી એ તૂટી જાય. માનવીય સંબંધોનું પણ કંઈક એવું જ છે. આદર્શ Tuning થી જોડાયેલા સંબંધો લાંબો સમય ટકી શકે છે જ્યારે તસુ પણ ઢીલો કે સખત તાર લય કે સૂરને ટકાવી નથી શકતા કે નથી કર્ણપ્રિય સંગીતનો આનંદ આપતા. એ જ રીતે એકબીજાના અસ્તિત્વની મર્યાદા સ્વીકારવી એ જ ચુંબકીય શક્તિની સાર્થકતા છે.

આ બ્રહ્માંડમાં કરોડો,અબજો,ખરવ વગેરે વગેરે માઈલો સુધી શૂન્યાવકાશ છે. આપણે માપી ન શકીએ-ગણી ન શકીએ કે પછી કલ્પના પણ કરી ન શકીએ એવડું વિશાળ-મહાકાય બ્રહ્માંડ(આપણી પાસે બીજો કોઈ શબ્દ નથી વ્યક્ત કરવાને)માં આપણી પૃથ્વી એક રીતે જોઈએ તો રેતીના કણ સમાન હોઈ શકે.ભલે તેમ હોય પરંતુ તમે પોતાને કયારેય એકલા સમજતા નહીં, તમારી સાથે કોઈ ન કોઈ તો જોડાયેલું જ હશે. તમારા ચુંબકીય ક્ષેત્રમાં કોઈ કોઈ સાવ નજીક તો કોઈ કોઈ દૂર હોઈ શકે છે. કોઈ તમને પ્રભાવિત કરી શકે છે. તમે પણ કોઈ ન કોઈને પ્રભાવિત કરતા હશો. મન, વચન, કર્મ, વ્યવહાર કે/અને લાગણી દ્વારા જોડાયેલા એકબીજાને અલગ અલગ રીતે વત્તે-ઓછે અંશે જરૂર પ્રભાવિત કરતા જ હશે અને થતા જ હશે અને થતા રહેશે એ નિઃશંક બાબત છે. અને ત્યારે કવિશ્રી Percy Bysshe Shelley ની કવિતા "Love's Philosophy" જરૂર યાદ કરી લેજો. જિંદગી જીવવાની હિંમત મળશે, બળ મળશે, ટેકો મળશે અને શાંતિ પણ મળશે. એ સિવાય જિંદગીમાં જોઈએ શું ?

'નીલકંઠ' અભિક વિહાર સોસાયટી,
ભારતીય વિદ્યાલય પાસે, છાયા મેઈન રોડ,
પોરબંદર-૩૬૦૫૭૫ મો.૯૮૯૮૪૪૦૬૯

## ।। શ્રદ્ધાંજલિ ।।

### જીવનના દસમા દાયકા સુધી
### નર્તનમત્ત-કલાગુરુ શ્રી ધરમશીભાઈ શાહની વિદાય



તારીખ ૯ ડિસેમ્બર, શનિવારે રાત્રે ભાવનગર શહેરે એક અજાયબી જોઈ, રાત્રિના સમયે સૂરજનો અસ્ત થયો. સમગ્ર ભારતમાં નૃત્યક્ષેત્રે જેમનું નામ અને કર્મ અગ્રિમ સ્થાને છે એવા પ્રતિભાવંત વ્યકિતત્વના સ્વામી કલાગુરુ શ્રી ધરમશીભાઈ શાહે અંતિમ શ્વાસ લીધા...એક યુગ પૂરો થયો...શ્રી ધરમશીભાઈ વિષે કઈ લખવું હોય તો પુસ્તક પણ ઓછું પડે પણ થોડી વાત કરીએ તો...

ગુજરાતમાં કે ગુજરાત બહાર નૃત્યકળા અને એની વિધિસરની અને પદ્ધતિસરની તાલીમની વાત કે ચર્ચા થતી હોય તો એક જ નામ થનગનાટ કરતું સહુના મુખે આવે અને એ છે શ્રી ધરમશીભાઈ શાહ. ૧૯૨૦માં માંડવી-કચ્છમાં જન્મ. બહુ શરૂઆતના વર્ષોમાં જ ભાવનગર આવીને વસ્યા. પ્રસિદ્ધ શિક્ષણસંસ્થા દક્ષિણામૂર્તિમાં કિશોરાવસ્થાનો અભ્યાસ કર્યો. અહીંથી જ શરૂ થઈ નૃત્યની પ્રાથમિક તાલીમ. અને પછી એમની નૃત્ય સાધનાની શરૂઆત થઈ. શાંતિનિકેતનના શ્રી ઉદયશંકર કલ્ચરલ સેન્ટરમાં કથ્થક નૃત્યની તાલીમ લીધી. આ ઉપરાંત નૃત્યની વિવિધ શૈલી ભરતનાટયમ્, કથકલી, કુચીપુડી અને ઓડીસીની તાલીમ દરેક શૈલીના વિદ્વાનો પાસેથી લઈને બહુમુખી પ્રતિભા ઉપસાવી. દરમિયાન અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલયમાંથી નૃત્ય વિશારદ, અલંકાર અને પ્રવીણ (પીએચ.ડી.)ની પદવીઓ પ્રાપ્ત કરી તેઓ એક પૂર્ણ પારંગત Academician બન્યા.

૧૯૫૧માં ભાવનગરમાં એમણે શરૂ કરેલી નૃત્ય તાલીમની સંસ્થા 'કલાક્ષે' આજે નૃત્ય તાલીમનું તીર્થક્ષેત્ર ગણાય છે. છ દાયકાથી અવિરત કાર્યરત સંસ્થામાં ૫૦૦૦થી વધુ તાલીમાર્થીઓ તાલીમ લઈ ચૂક્યા છે. શ્રી ધરમશીભાઈ શાહનું નામ નૃત્ય ક્ષેત્રે સ્નેહ અને આદરનું પર્યાય છે, એમનું આ ક્ષેત્રમાં યોગદાન એટલું વિકસ્યું કે આજે એમની કલાસંસ્થા કળા પ્રવૃત્તિઓના પ્રદર્શન અને નિદર્શન માટેના માતબર કલાભવન તરીકે આકાર લઈ ચૂકી છે.

૧૯૮૯માં ગુજરાત સરકારનો ગૌરવ પુરસ્કાર અને ૨૦૦૨માં ગુજરાત સરકારશ્રીનો પંડિત ઓમકારનાથ પુરસ્કાર એમને મળેલા અનેક સન્માનોમાં મુખ્ય છે.

શ્રી ધરમશીભાઈની ખાસ નોંધ લેવી પડે એવી બાબત છે કે જીવનના ૯૭માં વર્ષ સુધી કાર્યરત રહ્યા એટલું જ નહિ પણ નૃત્યરત એવા કે મંચ પર Performance કરવાની ક્ષમતા, તાલાવેલી અને જુસ્સો છેક સુધી અડીખમ રહ્યા. સૌથી વયસ્ક નૃત્યગુરુ તરીકેનો રેકોર્ડ 'લિમકા બૂક ઓફ રેકોર્ડ્સ'માં એમના નામે છે. કળાને કટિબદ્ધ સાધના તરીકે સ્વીકારનાર તેઓ પોતે જ એક સંસ્થા બની રહ્યા.

આટલા સમર્થ વ્યકિતની સહુથી મહત્ત્વની લાક્ષણિકતા એ કે તેઓ Performanceને નામે Self Projectionમાં કયારેય માનતા નહિ. અત્યંત નમ્ર અને સાલસ પ્રકૃતિ એમના વ્યક્તિત્વનું ઉમદા પાસું રહ્યુ.

આવા સૂર્ય સમાન વ્યકિતએ ભલે એક અનોખા મંચ પર પ્રયાણ કર્યું. પણ એમનો અનેરો પ્રકાશ એટલો પથરાયેલો છે કે એમના અંતિમ દર્શનથી લઈ અંતિમ સંસ્કાર સુધી એમના શિષ્યોએ સતત નૃત્ય કરી એમની ઉજ્જ્વળ ગરિમાને અકબંધ રાખી. આ સાથે એ પણ પુરવાર થયું કે તેઓની આ માત્ર અસ્તિત્વની વિદાય છે.

એમનું સત્ત્વ તો એમના પગના થિરકાટ અને ઘૂંઘરુંના રણકાર રૂપે રંગમંચને જીવંત રાખશે.

શ્રી ધરમશીભાઈ ને કર્મને આ કાવ્યાંજલિ...

શબ્દો બધા ઓછા પડે સત્કારમાં
જેમના ધબકાર જ હતા તતકારમાં
શણગ્યું સતત પદલાલિત્ય ને કવન
એમણે લીધેલા હર શ્વાસ છે પઠન
તાલ, તોડા, તદભાવ ને લય
એમના ચક્કધાર તો જાણે વલય
નિત્ય નર્તન, કાયામાં અંગભંગિમા
દસ દાયકાની સફરની આ ગરિમા
રહ્યું હૃદયમાં ને અંજાશે ઘણા નેત્રમાં
એક દીવો સદા ઝળહળે કલાક્ષેત્રમાં.

સૌજન્યઃ ભૂષણ ઓઝા

।। કૉલેજવૃત ।।

**એન.વી.પાસ કોલેજ**

ગુજરાત રાજયના સાયન્સ અને ટેકનોલોજી વિભાગ દ્વારા બાયોટેકનોલોજીમાં સંશોધન અને શિક્ષણ માટે બાયોઈન્ફોર્મેટીકસ લેબ, ડિઝાઈન લેબ અને પરફોર્મન્સ સુપર કોમ્પ્યુટર લેબ તૈયાર કરવા રૂા.૩૪૩ લાખની ગ્રાન્ટ રાજયની ૨૬ મહત્ત્વની યુનિવર્સિટીઓ અને કૉલેજોને ફાળવવામાં આવેલ છે. બાયોઈન્ફોર્મેટીકસ ક્ષેત્રે તૈયાર થનારી આ લેબોરેટરીઝથી બાયોટેકનોલોજીથી પ્રાપ્ત થતા વિશાળ ડેટા બેઝનું પૃથ્થકરણ અને વિશ્લેષણ શકય બનશે અને ડેટા એનાલિસીસ, કલાઉડ કોમ્પ્યુટીંગ વિગેરે જેવી તકનીકથી બાયોટેકનોલોજીને લગતી અને સામાન્ય જીવનને સ્પર્શતી વિવિધ સમસ્યાઓનો ઉકેલ મેળવવામાં સરળતા પ્રાપ્ત થશે.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઈ વી. પટેલ કૉલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીઝના બાયોટેકનોલોજી, જીનેટીકસ અને બાયોઈન્ફોર્મેટીકસ વિભાગની ગુજરાતની ૨૬ યુનિવર્સિટીઓ અને કોલેજો પૈકી આવી અત્યાધુનિક બાયોઈન્ફોર્મેટીકસ લેબની સ્થાપના માટે પસંદગી કરવામાં આવી છે.

કોલેજના પ્રતિનિધિ તરીકે બાયોઈન્ફોર્મેટીકસનાં પ્રાધ્યાપિકા ડો.પ્રતિભા પરિહારને રાજ્ય સરકારના ડીએસટી વિભાગના સેક્રેટરીશ્રી ધનંજય દ્વિવેદીના હસ્તે ગાંધીનગર ખાતે યોજાયેલ સમારોહમાં ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશનના મિશન ડાયરેકટર ડો. સુભાષ સોની, સ્નેહલ બખ્તરીયા અને ડૉ. આનંદ ભાડળકર, ઈન્સ્ટિટ્યૂટ ઓફ બાયોઈન્ફોર્મેટીકસના જોઈન્ટ ડાયરેકટર ડો.જયાશંકર દાસ તથા C-DAC નાં એકઝીકયુટીવ ડાયરેકટર ડૉ. હેમંત દરબારી ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે આ અત્યાધુનિક લેબની સ્થાપના માટે એનવીપાસ કોલેજને ડી.એસ.ટી.તથા જી.એસ.બી.ટી.એમ.ના માધ્યમથી એક HP ૨૪૮૦ વર્કસ્ટેશન, પાંચ જેટલા ડેલવોસ્ટ્રો ૩૨૮૦ કોમ્પ્યુટર્સ, જીનોમ અને પ્રોટીયોમ એનાલિસિસના આધુનિક સોફટવેર ફાળવવામાં આવનાર છે.

આ સિદ્ધિ બદલ બાયોઈન્ફોર્મેટીકસનાં પ્રાધ્યાપિકા ડૉ.પ્રતિભા પરિહારને સંસ્થાના આચાર્ય ડૉ. બાસુદેબ બક્ષી, વિભાગીય અધ્યક્ષા ડો.મધુમતિ બોરા તથા સર્વે સ્ટાફગણ તરફથી શુભચ્છાઓ પાઠવવામાં આવી હતી.

**આઈસ્ટાર**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ઈન્સ્ટિટયુટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ફોર એડવાન્સડ્ સ્ટડીઝ એન્ડ રિસર્ચ(આઈસ્ટાર)સંસ્થાના પર્યાવરણશાસ્ત્ર અને ટેકનોલોજી વિભાગે આંતરરાષ્ટ્રીય સ્તરે સંશોધન ક્ષેત્રમાં હરણફાળ ભરી નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે.

આ સંસ્થાના એન્વાયરમેન્ટલ સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ (EST,ISTAR) અને જાપાનના નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ એડવાન્સડ્ ઈન્ડસ્ટ્રીયલ સાયન્સ એન્ડ ટેકનોલોજી (AIST) વચ્ચે થયેલા આંતરરાષ્ટ્રીય કરાર અંતર્ગત એન્વાયરમેન્ટલ સાયન્સમાં પીએચ.ડી. કરતી બે વિદ્યાર્થિનીઓ કુ.દીપા પ્રેમચંદ લાલવાણી અને પૂજા નિરવકુમાર ઠાકરને સંશોધન અર્થે ૬ માસની મુદત માટે જાપાન મોકલવામાં આવ્યાં હતાં. બન્ને વિદ્યાર્થિનીઓએ ડૉ.નિર્મલકુમાર જે.આઈ (ભારત) અને ડો. નોબુયોષી યામાશીતા (જાપાન)ના સંયુક્ત માર્ગદર્શન હેઠળ સંશોધન કાર્ય હાથ ધર્યું હતું. વાતાવરણમાં વધતાં જતાં પ્રદૂષકો જેવાં કે પરકલોરીનેટેડ આલ્કાઈલ રસાયણો જે કુદરતી રીતે વાતાવરણમાં હોતાં નથી પરંતુ વધતાં

જતાં ઔદ્યોગિકીકરણની અસર રૂપે તે વાતાવરણમાં વૈશ્વિક સ્તરે ફેલાઈ રહ્યાં છે. આવા પ્રદૂષકોનું કુદરતી રીતે વિઘટન ન થતું હોવાથી તે વાતાવરણમાં જુદા જુદા સ્તરે જમા થાય છે અને આહારકડી અને આહાર શ્રૃંખલા મારફતે અને શ્વસનક્રિયા મારફતે સજીવોમાં અને ખાસ કરીને મનુષ્યના શરીરમાં પ્રવેશે છે, જે વિવિધ રોગો જેવાં કે કેન્સર, થાયરોઈડ, ડાયાબિટીસ, જન્મજાત ખોડખાંપણ વિગેરે માટે કારણભૂત બને છે. તેમને એન્ડોક્રાઈન ડીસરપ્ટર (endochrine disrupter) પણ કહેવામાં આવે છે.

મે માસથી નવેમ્બર માસના ગાળા દરમિયાન કુ.પૂજા ઠાકરે નદીઓમાં એકત્ર થયેલ કાંપનું પૃથકકરણ હાથ ધર્યું હતું. અને કુ. દીપા લાલવાણીએ વાતાવરણમાં વ્યાપ્તકણો (PM ૨.૫ અને PM ૧૦) PM-Particulate Matter ઉપર સંશોધન હાથ ધર્યું હતું.

ભારત જેવાં વિકાસશીલ દેશમાં આવા રસાયણો અંગેની માહિતી અને જ્ઞાન તથા શોધખોળ ખૂબ જ મર્યાદિત કે નહિવત્ છે ત્યારે આંતરરાષ્ટ્રીય સ્તરે જાપાનની પ્રસિદ્ધ મુખ્ય સંશોધન શાળામાં રહી સંશોધન કરવાનું ગૌરવ સંસ્થાને આપાવ્યું છે. આ સંયુક્ત કરાર અને આંતરરાષ્ટ્રીય સ્તરે સંશોધન માટેનો શ્રેય ડાયરેક્ટર ડૉ. નિર્મલકુમારના ફાળે જાય છે. તેમના અથાગ પ્રયત્નો દ્વારા આ શક્ય બન્યું છે. જે દ્વારા બંને વિદ્યાર્થિનીઓને જાપાનની સંસ્થા AIST દ્વારા ફ્રી એર ટિકિટ, ફ્રી રહેવા જમવાની વ્યવસ્થા પણ પૂરી પાડવામાં આવી હતી.

કેમ્પસમાં પ્રથમવાર આ પ્રકારના અદ્વિતીય અભૂતપૂર્વ આયોજન બદલ સંસ્થાના વડા ચેરમેનશ્રી ડૉ. સી. એલ.પટેલ, માનદ મંત્રી ડૉ. એસ. જી. પટેલ અને ડાયરેકટર જનરલ ડૉ. નિખિલ ઝવેરીએ સંશોધનની પ્રવૃત્તિને બિરદાવી હતી. અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નોંધપાત્ર ફાળા બદલ પ્રશંસા કરીને અભિનંદન પાઠવ્યાં હતાં. આઈસ્ટારના સર્વે પ્રાધ્યાપક ગણ તેમજ વિદ્યાર્થીઓમાં પણ આનંદની લાગણી જોવા મળી હતી.

**રાસાયણિક ઘટકો પર યોજાયેલ એક દિવસીય કાર્યશાળા**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર ખાતે તાજેતરમાં આઈસ્ટારના પર્યાવરણ વિભાગ તેમજ એનવીપાસના સંયુક્ત ઉપક્રમે રાસાયણિક ઘટકો પર એક દિવસીય કાર્યશાળા યોજાઈ હતી. જેમાં જાપાન સ્થિત એઆઈએસટીનાં ચીફ સિનિયર વૈજ્ઞાનિક ડૉ. નોબુયોશી યામાંશીતા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન આઈસ્ટારના પર્યાવરણ વિભાગના ફેકલ્ટી ડૉ. હિરેન સોનીએ કર્યું હતું. શરૂઆતમાં પ્રાર્થના ગાન, ત્યારબાદ દીપપ્રાગટ્ય અને મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સંસ્થાના નિયામક પ્રો. ડૉ. નિર્મલકુમારે સમગ્ર કાર્યશાળાનો હેતુ તેમજ રૂપરેખા વિશે છણાવટ કરી હતી. તેમણે પર્યાવરણમાં રહેલા વિવિધ પ્રકારના રાસાયણિક ઘટકો તેમજ તેની ગંભીરતા અને પ્રવર્તમાન સંશોધન વિશે જણાવ્યું હતું. ત્યાર બાદ વીપી સાયન્સ કૉલેજના આચાર્યશ્રી ડૉ. ભાવેશ પટેલે પર્યાવરણમાં રહેલા વિવિધ રસાયણો અને તેના ઘટકો પર પ્રકાશ પાડ્યો હતો. કાર્યશાળામાં વિવિધ કોલેજોના મહાનુભાવો ડૉ. જે.એચ.પટેલ તેમજ એનવી પટેલ સાયન્સ કૉલેજના પર્યાવરણ વિભાગનાં વડાં ડૉ. રીટા એન. કુમાર ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યશાળામાં ખેતીવાડી કૉલેજ, સેફટી વિભાગ, આઈસ્ટારના પર્યાવરણ વિભાગ તેમજ એનવી પટેલ સાયન્સ કૉલેજના પર્યાવરણ વિભાગના આશરે ૧૮૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યશાળાના ભાગરૂપે જાપાનના વૈજ્ઞાનિક ડૉ. નોબુયોશીએ વિદ્યાર્થીઓને હવામાં રહેલા વિવિધ પ્રકારના રસાયણિક ઘટકો, તેનું વહન અને પર્યાવરણ

પર થતી પ્રતિકૂળ અસરો વિશે માહિતી આપી હતી. ત્યાર બાદ ડૉ.જે.એચ.પટેલે ઓઝોન, ઓઝોનનું ગાબડું અને હવામાન પર થતી તેની અસરો વિશે સૌને વાકેફ કર્યા હતા. વધુમાં અમદાવાદ સ્થિત આનંદ કન્સલ્ટન્ટના પર્યાવરણ ઈજનેર શ્રી નેવિલ ક્રિષ્ટિયને પર્યાવરણ ઓડીટ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. કાર્યશાળાની તાલીમ દરમ્યાન પર્યાવરણ વિભાગનાં પીએચ.ડી. સ્કોલર કુ. દીપા લાલવાની અને કુ. પૂજા ઠાકરે વિદ્યાર્થીઓને સોલીડ ફેઝ નીતાર ટેકનીક અંગે માહિતી આપી હતી. કાર્યશાળાના અંતમાં સમગ્ર કાર્યક્રમની આભારવિધિ ફેકલ્ટી કુ. ધૃતિ પટેલે કરી હતી. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે સંસ્થાના નિયામક શ્રી ડૉ. નિર્મલકુમારે સૌને અભિનંદન પાઠવ્યા હતા.

**પર્યાવરણ વિભાગની સિદ્ધિ**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કૉલેજના પર્યાવરણ વિભાગમાં ડૉ. નિર્મલકુમાર (નિયામક, આઈસ્ટાર)ના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની દીપા લાલવાણીએ એમ. એસ. યુનિવર્સિટી વડોદરામાં 'કલાયમેટ ચેન્જ' વિષય પર યોજાયેલ નેશનલ સેમિનારમાં પોસ્ટર પ્રેઝન્ટેશનમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું તેણીએ ડૉ. નોબુયોષી યામાશીતા (સુકુલા, જાપાન)ના માર્ગદર્શન હેઠળ પર્સિસ્ટન્ટ ઓર્ગોનિક પોલ્યુટન્ટ જેવા તદ્દન નવા અભિગમને રજૂ કર્યો હતો.

આ પ્રસંગે સીવીએમના ચેરમેન શ્રી ડૉ. સી. એલ. પટેલ, માનદ સેક્રેટરી ડૉ. એસ. જી. પટેલ અને ડાયરેક્ટર જનરલશ્રી ડૉ. નિખિલ ઝવેરીએ અભિનંદન પાઠવ્યા હતા.

**<u>સેમકોમ કૉલેજ</u>**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કૉલેજ દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત આણંદ તાલુકાના જોળ ગામ ખાતે ત્રણ દિવસીય મતદાર જાગૃતિ અભિયાન હાથ ધરાયું હતું. એનએસએસ પાંખના વિદ્યાર્થી સ્વયંસેવકોએ જોળ ગામમાં સતત ત્રણ દિવસ સુધી ઘરે ઘરે જઈને મતદાન અને લોકશાહીમાં મતદાનના મહત્ત્વને સમજાવતાં તેઓને મતદાન અંગે જાગૃત કરવાના પ્રયાસ કર્યા હતા. આ અભિયાનને ગામ લોકોએ ઘણા સારા પ્રતિસાદથી સ્વીકાર્યો હતો. સેમકોમના આ અભિયાનને આણંદ કલેકટરશ્રીએ ઘણું પ્રોત્સાહન આપ્યું હતું.

આચાર્યા ડૉ. વહીદા થોમસનાં માર્ગદર્શન હેઠળ સેમકોમની આ પહેલને સફળતા સુધી પહોંચાડવા વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિનાં વડાં ડૉ. પ્રીતિ લુહાણા, કો-ઓર્ડિનેટર ડૉ. રીના દવે, ડૉ. ભરત તારાપરા અને પ્રા. જેનિતા પટેલે ઘણી મહેનત કરી હતી.

**એલિકોન બેસ્ટ બિઝનેસ આઈડીયા સ્પર્ધા**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કૉલેજ ખાતે તાજેતરમાં એલિકોન બેસ્ટ બિઝનેસ આઈડીયા સ્પર્ધા નાણાકીય વિશ્લેષણ અને પ્રોજેકટ રીપોર્ટ તૈયારી પર એક દિવસીય કાર્યશાળાનું આયોજન થયું હતું. સેમકોમના ઉભરતા સાહસિકોએ પહેલાંથી જ આ સ્પર્ધા માટે વ્યવસાય પસંદ કરેલ છે. અને આ વર્કશોપ દ્વારા તેઓને નાણાકીય સમજણ અને અંતિમ પ્રોજેકટ રીપોર્ટની તૈયારી સમજવા અને વિકસાવવા માટે આ કાર્યશાળા દ્વારા મંચ પૂરું પાડ્યું હતું. આ કાર્યશાળાના મુખ્ય વક્તા તરીકે જાણીતા સી.એ. શ્રી રુપિન પટેલે તેમની સેવાઓ આપી હતી. તેમણે આ ઉભરતા ઉદ્યોગ સાહસિકોને કેપીટલ સ્ટ્રકચર, વેન્ચર કેપિટલ, ઈન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટ રીટર્ન ઓન ઈન્વેસ્ટમેન્ટ, સરકારી નીતિઓના વ્યવસાય ટેકસ ઈમ્પેકટ અને નાણાકીય અસરોની તૈયારીઓ અંગે ખૂબ ગહનમાં માર્ગદર્શન આપ્યું હતું. તેઓએ વધુમાં વિદ્યાર્થીઓને એલિવેટરના પીચના ઉદાહરણ સાથે વ્યવસાયના અગત્યના પાસાંઓની તૈયારીને સુંદર રીતે સમજાવ્યું હતું.

આચાર્યા ડૉ. વહીદા થૉમસે તમામ સ્પર્ધકોને આ સ્પર્ધાના પ્રથમ ચરણને પૂર્ણ કરવા બદલ અભિનંદન પાઠવ્યાં હતાં. તેઓનું દઢતાપૂર્વક માનવું છે કે આ પ્રકારની હરીફાઈ વિદ્યાર્થીઓને ધંધાકીય જોખમ લેવાનું શીખવાની તક પૂરી પાડે છે. ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી ડૉ. સી. એલ. પટેલની દૂરદર્શીતા મુજબ આ પ્રકારની સ્પર્ધાથી વિદ્યાર્થીઓ ભવિષ્યના નોકરી સર્જકો બની સમાજને પણ ઉપયોગી થઈ શકે છે.

આ કાર્યશાળા સફળ બનાવવા કો-ઓર્ડિનેટર ડૉ. યશસ્વી રાજપરા અને ડૉ. કોમલ મિસ્ત્રીએ ખૂબ જહેમત ઉઠાવી હતી.

**'બ્લોક ચેઈન એન્ડ ક્રાઈવટોકરન્સી' અંગે કાર્યશાળા**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કૉલેજ ખાતે તા. ૫ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ 'બ્લોક ચેઈન એન્ડ ક્રાઈવટોકરન્સી' અંગે કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. બ્લોક ચેનને વર્ષ ૨૦૦૯માં વિશ્વભરમાં રજૂ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને બ્લેક ચેન અને ક્રાઈવટોકરન્સી અંગે માર્ગદર્શન અને દિશા આપવા સેમકોમ દ્વારા આ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમકોમના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને નિષ્ણાત શ્રી અનિરુદ્ધ વેંકટેશે બ્લોક ચેન ટેકનોલોજી અંગે તેમણે જ્ઞાનસભર માહિતી આપી હતી.

બીબીએ, બીબીએ(આઈટીએમ), બીસીએ, બીકોમ અને એમકોમ ઈ-બિઝનેસના કુલ ૬૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આચાર્યા ડૉ. વહીદા થૉમસનાં માર્ગદર્શન હેઠળ કો-ઓર્ડિનેટર પ્રા. પલક પટેલ, પ્રા. હર્ષિદા પટેલ અને પ્રા. રેનિલ થૉમસના સહિયારા પ્રયાસથી આ કાર્યશાળાને સફળતા મળી હતી.

**<u>જીસેટ કૉલેજ</u>**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત, જી.એચ. પટેલ કૉલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી (જીસેટ)ના ડિપાર્ટમેન્ટ ઑફ ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી (આઈ.ટી) અને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે તા. ૧૮થી ૨૩ ડિસેમ્બર, ૨૦૧૭ દરમ્યાન ''ડેટા માઈનીંગ એન્ડ સોફટ કોમ્પ્યુટિંગઃ ટૂલ્સ એન્ડ ટેક્નિક્સ'' વિષય પર સાપ્તાહિક થોર્ટ ટર્મ ટ્રેનિંગ પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમનો શુભારંભ ડૉ. નિખિલ ઝવેરી (ડાયરેકટર, ચારુતર વિદ્યામંડળ), પ્રો. હિમાંશુ દવે (કન્સલટન્ટ, ઈ-ઈન્ફોચીપ), પ્રો. ડૉ. હિમાંશુ સોની (પ્રિન્સિપાલ, જીસેટ), પ્રો. નિખિલ ગોંડલીયા (હેડ, આઈ.ટી.), પ્રો. નીરવ રાજા અને અન્ય મહાનુભાવોની હાજરીમાં કરવામાં આવ્યો હતો.

મુખ્ય અતિથિ પ્રો. હિમાંશુ દવેએ ટ્રેનિંગ પ્રોગ્રામને અનુરૂપ વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમના પ્રમુખપદેથી ડૉ. નિખિલ ઝવેરી (ડાયરેકટર, ચારુતર વિદ્યામંડળ)એ તાલીમ કાર્યક્રમને અને જીસેટને પ્રોત્સાહિત કરી વિદ્યાર્થીઓ સુધી આ જ્ઞાન પહોંચે તેવો સંદેશ આપ્યો હતો. સંસ્થાના આચાર્ય ડૉ. હિમાંશુ સોનીએ આ પ્રકારના કાર્યક્રમોની ઉપયોગીતા વિશે ભાર મૂકી આયોજકો અને વિભાગને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રોગ્રામનું નિર્દેશન આઈ.ટી. ડિપાર્ટમેન્ટના વડા પ્રો. ડૉ. નિખિલ ગોડંલીયાના માર્ગદર્શન હેઠળ પ્રો. નીરવ રાજા અને પ્રો. પ્રેમ બાલાનીએ કર્યું હતું

આ પ્રોગ્રામમાં મુખ્યત્વે રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટના હેતુથી ગુજરાતભરમાંથી ૧૨ જેટલા વિષય નિષ્ણાતોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેમણે વિષયને અનુલક્ષીને આધુનિક ટેક્નિકો ઉપર વ્યાખ્યાનો આપ્યા હતા. સાપ્તાહિક ટ્રેનિંગ પ્રોગ્રામમાં ૬૧ જેટલા સ્નાતક, અનુસ્નાતક વિદ્યાર્થીઓ અને શિક્ષણવિદોએ ભાગ લીધો હતો. વિષયની પ્રોયોગિક ઉપયોગીતા લેબોરેટરીના માધ્યમથી સમજાવવામાં આવી હતી.

## એસ.ડી. દેસાઈ હાઈસ્કૂલ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એસ.ડી. દેસાઈ હાઈસ્કૂલે ચાલુ વર્ષે ૨૦૧૭-૧૮ના ખેલ મહાકુંભમાં જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે સ્થાન મેળવ્યું છે, તે બદલ મા. મુખ્યમંત્રીશ્રીના હસ્તે શાળાને એક લાખ પચાસ હજારનો ચેક એનાયત કરવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ જુદી-જુદી સ્પર્ધામાં ચાલુ વર્ષે કુલ ૩,૯૧,૦૦૦/-ના રોકડ ઈનામો પ્રાપ્ત કરેલ છે. ઉલ્લેખનીય છે કે આ શાળાના વિદ્યાર્થીઓએ બે ગોલ્ડમેડલ, પાંચ સિલ્વર મેડલ અને સાત બ્રોન્ઝ મેડલ મેળવી કુલ ૧૪ મેડલ રાજ્યકક્ષાએ પ્રાપ્ત કરેલ છે. આ શાળાના ત્રણ વિદ્યાર્થીઓ રાષ્ટ્રિય કક્ષાએ પસંદગી પામેલ છે.

આ શાળાએ સતત બીજા વર્ષે ખેલમહાકુંભમાં જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે પસંદગી પામી ચારુતર વિદ્યામંડળનું નામ રોશન કરેલ છે. આ શાળાના વિદ્યાર્થીઓ અત્યાર સુધીના કુલ છ ખેલ મહાકુંભમાં મેળવેલ રોકડ ઈનામોની રકમ ૨૭,૮૯,૫૦૦/-થાય છે. શાળાના આચાર્ય, વ્યાયામ શિક્ષક અને વિદ્યાર્થીઓને ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રીએ આશીર્વાદ પાઠવ્યા છે તેમજ મંડળના મંત્રીશ્રી તથા અન્ય પદાધિકારીઓએ શાળાની આ ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા છે.

## વી. એન્ડ સી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત વી. એન્ડ સી. પટેલ ઈંગ્લિશ સ્કૂલમાં 'ટેકફેસ્ટ ૨૦૧૭' વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૧૬-૧૧-૨૦૧૭ ને ગુરુવારના રોજ 'Tech Fest' ના અનુસંધાનમાં શાળાના ધોરણ ૬ થી ૧૦ના વિદ્યાર્થીઓએ ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાનને અનુલક્ષીને બનાવેલી વિવિધ કૃતિઓની રજૂઆત કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સુંદર મોડેલ પ્રસ્તુત કર્યા હતા.

આ કાર્યક્રમનું ઉદ્ઘાટન ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રીશ્રી ડૉ. એસ. જી. પટેલના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. આ સમયે સંસ્થાના માનદ સહમંત્રી શ્રી વી. એમ. પટેલ, પ્રાથમિક વિભાગનાં સલાહકાર વિનોદિનીબેન તેમજ શાળાનાં દાતાશ્રી વાસંતીબેન જેવા વડીલોએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી તથા વિવિધ કૃતિઓ નિહાળી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી અભિનંદન તથા આશીર્વાદ આપ્યા હતા.

## આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ

'ધ એક્સેલન્ટ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ' વહેરા ખાતે 'ભારતીય બંધારણ' વિષય પર આંતરશાળા વકતૃત્વ સ્પર્ધાનું તા. ૫ ડિસેમ્બરના રોજ આયોજન કરવામાં આવ્યું. જેમાં આણંદ જિલ્લાની વિવિધ શાળાઓમાંથી લગભગ ૫૦ વિદ્યાર્થીઓ દ્વારા ભાગ લેવામાં આવ્યો જેમાં ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ. બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ, વિદ્યાનગર (માધ્યમિક વિભાગ)ના ત્રણ વિદ્યાર્થીઓ નિર્મિત પંડ્યા, વ્રજ શાહ (ધોરણ -૯) તથા લામ્શે કુંદને ભાગ લીધો હતો.

'ભારતીય બંધારણ' વિષય પર યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં નિર્મિત પંડ્યાએ પ્રથમ સ્થાન મેળવી શીલ્ડ અને સર્ટિફિકેટ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે.

વક્તૃત્વ સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર આવવા બદલ શાળાના આચાર્ય ડૉ. મહેશ સ્ટેલીને તથા શાળા પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. શાળાના શિક્ષકો શ્રી રાજેશ ભટ્ટ તથા દર્શન સુથાર દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું.

## સેના ધ્વજદિનની ઉજવણી

સૈનિકોની યાદમાં સશસ્ત્ર સેના ધ્વજદિનની ઉજવણી દર વર્ષે ૭ ડિસેમ્બરના રોજ સમગ્રદેશમાં કરવામાં આવે છે, ત્યારે ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ (માધ્યમિક-ઉચ્ચતર મા. વિભાગ)માં પણ ધ્વજદિનની ઉજવણી કરવામાં

આવી હતી. દેશના શૂરવીર શહીદ સૈનિકોને યાદ કરી તેઓને ભાવભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

કાર્યક્રમના મુખ્ય મહેમાન એન.સી.સી. કર્નલ રવીન્દ્રસિંહે પોતાનું વક્તવ્ય આપતાં જણાવ્યું કે દેશની રક્ષા કરવા સતત તૈનાત રહેતા આપણા સૈનિકો, શહીદ સૈનિકોના પરિજનો અને પૂર્વ સૈનિકોની દેખભાળ કરવાનું અને તેઓને મદદરૂપ થવાનું કર્તવ્ય સમગ્ર દેશવાસીઓનું છે. મેજર કર્નલે વિદ્યાર્થીઓને ભારત-પાકિસ્તાન યુદ્ધ, આર્મીમાં જોડાવા માટેની જરૂરી લાયકાત વગેરેની વિસ્તૃત માહીતી આપી હતી.

શાળાના શિક્ષક શ્રી રાજેશ ભટ્ટે ધ્વજદિનનું મહત્ત્વ જણાવતાં કહ્યું કે પોતાના પ્રાણની પરવા કર્યા વિના દેશની સરહદો અને દેશની અખંડીતતા અને સાર્વભૌમત્વનું રક્ષણ કરનાર આપણા સૈનિકો કુદરતી પ્રકોપ, માનવસર્જિત આપદાઓ, અકસ્માત, કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ખડે પગે ઊભા રહી સતત સમાજ અને દેશની અમૂલ્ય સેવા બજાવે છે. શાળાના આચાર્ય મહેશભાઈ સ્ટેલીને સૈનિકો પ્રત્યે ઋણ અદા કરવા આજના શુભ અવસરે સેના ધ્વજદિન ભંડોળમાં યથાશક્તિ ફાળો આપવા અપીલ કરી હતી.

**સી.વી. એમ. હાયર સેકન્ડરી હોમસાયન્સ**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત હાયર સેકન્ડરી હોમ સાયન્સમાં 'બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ' ઈન્ટર સ્કૂલ કોમ્પીટીશન યોજવામાં આવી હતી. જેમાં અધ્યક્ષ સ્થાને શ્રી વી. એમ. પટેલ (માનદ સહમંત્રી ચારુતર વિદ્યામંડળ), મુખ્ય વક્તા ડૉ. રીટા એન. કુમાર (હેડ ઓફ ડિપાર્ટમેન્ટ, બોયોલોજીકલ એન્ડ એન્વાયર મેન્ટલ સાયન્સ, એન. વી. પટેલ કૉલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સ) અતિથિવિશેષ ડૉ. ભાવનાબેન એસ. ચૌહાણ, (પ્રિન્સિપાલ, એસ. એમ. પટેલ કૉલેજ ઓફ હોમ સાયન્સ) જેમણે દીપપ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મૂક્યો હતો.

આ સ્પર્ધામાં આણંદ જિલ્લાની કુલ ૧૬ શાળાના કુલ ૮૪ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં નિર્ણાયક તરીકે એસ. એમ. પટેલ કૉલેજ ઓફ હોમસાયન્સનાં ડૉ. મીતલબેન બારોટ, શ્રીમતી તન્વીબેન મકવાણા તથા શ્રીમતી સુષ્માબેન બત્રાએ તથા એ.આર. ફાર્મસી કૉલેજનાં ડૉ. આનંદકુમારી કેપ્ટને ખૂબ સુંદર સેવા આપી હતી.

શાળાનાં આચાર્યા શ્રીમતી સુચિતાબેન ખરાદીએ સર્વે મહેમાનોનો પરિચય કરાવ્યો હતો.

અતિથિવિશેષ ડૉ. ભાવનાબેને સ્વચ્છતા અંગે વક્તવ્ય આપ્યું હતું. મુખ્ય વક્તા ડૉ. રીટા કુમારે વિદ્યાર્થીઓના વેસ્ટ વસ્તુમાંથી બેસ્ટ બનાવવાના પ્રયત્નને તથા તેમના પુરુષાર્થને ખૂબ જ બિરદાવ્યા હતા. ઉપરાંત તેમણે 3R વિશે વાત કરી જેમાં રીડ્યુઝ, રીયુઝ તથા રી-સાયકલ વિશે ખૂબ સુંદર માહિતી પૂરી પાડી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સમારંભના અધ્યક્ષ શ્રી વી.એમ. પટેલે વિદ્યાર્થીઓને સ્વચ્છતા તથા પ્રદૂષણની વાત કરી હતી. જેમાં આપણા દ્વારા પ્રદૂષણ મુક્ત ભારત બનાવવાના પ્રયત્ન ઉપર ભાર મુક્યો હતો. તેમણે સરદાર પટેલના જીવનની સાદગી વિશે પણ માહિતી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમના અંતમાં આભારવિધિ આશાબેન પટેલે કરી હતી.

**મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો**

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી આણંદના આદેશ અનુસાર મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત હોમસાયન્સ હાયર સેકન્ડરી દ્વારા વિવિધ પ્રવૃતિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચિત્રસ્પર્ધા, નિબંધસ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. દરેક પ્રવૃત્તિમાં શાળાની ધો-૧૧-૧૨ની કુલ ૭૫ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો તથા શાળાનાં આચાર્યા તથા શિક્ષકોએ વિદ્યાર્થિનીઓને મતદાન જાગૃતિ વિશે વિશેષ માહિતી આપી હતી. વિવિધ પ્રવૃત્તિમાં નિર્ણાયક તરીકે શાળાના શિક્ષક વિનોદભાઈ પરમાર તથા ધૃપલબેને સેવા આપી હતી. કાર્યક્રમનું સંચાલન શાળાનાં શિક્ષિકા આશાબેને કર્યું હતું.

**<u>ટી. વી. પટેલ હાયર સેકન્ડરી</u>**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી. વી. પટેલ હાયર સેકન્ડરી–સામાન્ય પ્રવાહમાં તા. ૧ ડિસેમ્બરના રોજ સંસ્થાના આચાર્યશ્રી વિજયકુમાર સુથારના અધ્યક્ષસ્થાને અને આણંદની મોરલી હોસ્પિટલના નિષ્ણાત અનુભવી ડૉ. પ્રદીપભાઈ વૈદ્યના મુખ્ય મહેમાનપદે જાગૃકતા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વભરમાં ઝડપથી પ્રસરી રહેલા મહાભયાનક એઈડ્સ રોગ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી ખોટી માન્યતાઓ દૂર થાય અને સાચી માહિતી મળે તે માટે ડૉ. પ્રદીપ વૈદ્યે ખૂબજ સરળ ભાષામાં પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનની મદદથી એઈડ્સના ફેલાવાના કારણો, તેનો યોગ્ય ઉપચાર, ભ્રામક માન્યતાઓ, દવાઓ અંગે થઈ રહેલા વૈજ્ઞાનિક સંશોધનો અંગે માહિતી આપી હતી. વધુમાં સરકાર દ્વારા કાર્યરત સ્વાસ્થ્ય કેન્દ્રોમાં દર્દીની ઓળખ જાહેર ના થાય તેવી ગુપ્તતા જાળવી સારવાર કરવામાં આવે છે તથા સમાજમાં આવા દર્દીઓને સામાન્ય વ્યક્તિની જેમ વ્યવહાર થાય તે ખૂબ જ જરૂરી છે. જો નિયમિત યોગ્ય સારવાર કરવામાં આવે તો આવા દર્દીઓ પણ સારી રીતે જીવન જીવી શકે છે. કાર્યક્રમનું આયોજન શ્રી જીતેન્દ્ર મહેતાએ કર્યુ અને સંચાલન ડૉ. અમિત ભટ્ટે કર્યું હતું.

**<u>ગો. જો. શારદામંદિર</u>**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો. જો. શારદામંદિર વલ્લભ વિદ્યાનગરમાં NCC Day ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં NCC ના કેડેટસ દ્વારા 'બેટી બચાવો અને NCC નું મહત્ત્વ અંગે નાટક રજૂ કરી વિદ્યાર્થીઓમાં દીકરીના મહત્ત્વ અંગે સમજ પૂરી પાડી હતી.

આ ઉપરાંત શાળાનાં NCC ઓફિસર રેશ્મા પરમારે NCC ના મહત્ત્વ તથા પ્રોત્સાહન ભથ્થા અંગે વકતવ્ય આપ્યું હતું તેમજ Social Awareness Activity અંતર્ગત NCC ના કેડેટે શાળામાં સફાઈકાર્ય કર્યું હતું. શાળાનાં આચાર્યા શ્રીમતી રીટાબેન પટેલે વિદ્યાર્થીઓને અભિનંદન અને પ્રોત્સાહન પૂરાં પાડ્યાં હતાં.

---

...અનુ. પાના નં. ૮ પરનું

સ્વતંત્રતાની ના પાડી શકાતી નથી. બેલગામ સ્વેચ્છાચાર એ તો અસંસ્કારરિતાનું લક્ષણ છે તે પોતાની જાતને તેમજ પોતાના પાડોશીઓને બંનેને નુકસાન કરે છે.

**વ્યક્તિની જવાબદારી**

સાચી લોકશાહીમાં દરેક સ્ત્રી અને પુરુષને સ્વતંત્રપણે જાતે વિચાર કરવાનું શીખવાય છે. દયાની ભાવના કેળવવાને જેમ પંડથી શરૂઆત કરવી જોઈએ, તેમાં આને માટે પણ ઘર આગળથી શરૂઆત કરવી, એ સિવાય આ ક્રાંતિ કરવાને માટે બીજો રસ્તો મને દેખાતો નથી.

લોકશાહીમાં વ્યક્તિની ઈચ્છાનું નિયમન સમાજની ઈચ્છાથી થાય છે, વ્યક્તિની ઈચ્છા પર સમાજની ઈચ્છાની મર્યાદા મૂકવામાં આવે છે. એ સમાજની ઈચ્છા અથવા સંકલ્પનો અમલ રાજ્ય કરે છે કેમ કે રાજ્યનો વહીવટ પ્રજા જ પોતાના હિતને ખાતર કરે છે. દરેક વ્યક્તિ કાયદાનો અમલ પોતે કરવા મંડી જાય તો પછી રાજ્યસંસ્થા જેવું કંઈ રહેતું નથી; એ અંધેર કહેવાય એટલે કે એમાં સમાજના કાયદાનો અથવા રાજ્યનો અભાવ હોય એ રસ્તો સ્વતંત્રતાના વિનાશનો છે. તેથી આપણે સૌએ આપણા ગુસ્સા પર કાબૂ રાખવો જોઈએ અને ન્યાય મેળવવાનું રાજ્યને હસ્તક છોડી દેવું જોઈએ.

પ્રજાતંત્ર એટલે ખરું જોતાં આખી પ્રજાનાં કલ્યાણને માટે પ્રજાના જુદા જુદા તમામ વર્ગોની શારીરિક, આર્થિક અને આત્મિક શક્તિઓને એકત્ર કરી કામે લગાડવાની કળા.

('મહાત્મા ગાંધીના વિચારો' – સંકલન અને સંપાદનઃ આર. કે. પ્રભુ, યુ. આર. રાવમાંથી ટૂંકાવીને સાભાર)

**સાભાર સ્વીકાર પુસ્તકો અને સામયિકો**

૧. **'શોધું છું એક નવું ઘર'**, લે. તલકશી પરમાર, પ્ર.આ. સપ્ટેમ્બર ૨૦૧૬, પ્રકા. વિશ્વગાથા, ગોકુલ પાર્ક સોસાયટી, ૮૦ ફૂટ રોડ, સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૨, મૂલ્ય રૂા. ૫૦ પૃ. ૪૪.

૨. **'મોક્ષદા મૈત્રી'**, લે. સુરેશ પરમાર 'સૂર', પ્ર.આ. ૨૦૧૨, પ્રકા. સુરેશ પરમાર, 'સૂર', ઈ/૪૧ દર્શન પાર્ક, સુસેન તરસાલી રોડ, વડોદરા ૩૯૦ ૦૧૦ મૂલ્ય રૂા. ૧૧૦, પૃ. ૮૪.

૩. **'તેજ લિસોટા'**, લે. ડો. જગદીપ એમ કાકડિયા, પ્ર.આ.ડિસેમ્બર ૨૦૧૬, પ્રકા. ડૉ. જગદીપ એમ. કાકડિયા, અક્ષરદીપ આંખની હોસ્પિટલ, એલ.આઈ.સી. હેડ ઓફિસ સામે, નીલમ બાગથી એસ.ટી. સ્ટેન્ડ તરફના રસ્તે, ભાવનગર ૩૬૪૦૦૧, મૂલ્ય રૂા. ૨૨૫, પૃ. ૨૧૮.

૪. **'મોંઘો માણસનો અવતાર'**, લે. જગદીપ કાકડિયા, ત્રી.આ.ઓગસ્ટ ૨૦૧૬, પ્રકા.ડૉ. જગદીપ એમ કાકડિયા, અક્ષરદીપ આંખની હોસ્પિટલ, એલ.આઈ. સી. હેડ ઓફિસ સામે નીલમ બાગથી એસ.ટી. સ્ટેન્ડ તરફના રસ્તે, ભાવનગર ૩૬૪૦૦૧,મૂલ્ય રૂા.૧૯૦, પૃ. ૧૫૧.

૫. **'આપણી અભીપ્સા'**, (ડૉ. પ્રા.કે.વી. ડોમિનિકનાં કાવ્યો) લે. કે.વી. ડોમિનિક, અનુ. ફાધર વર્ગીસ પોલ,એસ જે યોસેફ મેકવાન, પ્ર.આ. ૨૦૧૬, પ્રકા. હંમેશ મનહર મોદી, રન્નાદે પ્રકાશન, ૫૮/૨ બીજે માળ,જૈન દેરાસર સામે, ગાંધી રોડ,અમદાવાદ-૩૮૦૦૦૧,મૂલ્ય રૂા. ૧૧૦,પૃ૧૦૨

૬. **'ગુનો કબૂલ છે'**, લે. સુરેશ પરમાર 'સૂર', પ્ર.આ.૨૦૧૬, પ્રકા. હંમેશ મનહર મોદી, રન્નાદે પ્રકાશન, ૫૮/૨ બીજે માળ જૈન દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧, મૂલ્ય રૂા. ૧૨૦, પૃ.૧૦૨.

૭. **'ચંદન તિલક'**, લે. આરતીબા ગોહિલ 'શ્રી', પ્ર.આ. જૂન ૨૦૧૭, પ્રકા. શ્રી હરદેવસિંહ ગોહિલ,'સુધાતા', ૯૫/એ, રૂપાલી સોસાયટી, તળાજા જકાત નાકા, ભાવનગર-૩૬૪૦૦૨ મૂલ્ય રૂ. ૧૫૦, પૃ. ૯૪

૮. **'સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત'** સં. મણિભાઈ પ્રજાપતિ વર્ષ-૬ અંક-૬, સળંગ અંક-૩૬ નવેમ્બર-ડિસેમ્બર ૨૦૧૬, પ્રકા. રજિસ્ટ્રાર, કડી સર્વ વિશ્વ વિદ્યાલય, સેકટર -૧૫ એલ.ડી. આર.પી. એન્જિનિયરીંગ કૉલેજ કેમ્પસ, ગાંધીનગર ૩૮૨૦૧૬, પૃ. ૪૮

૯. **'દિવ્ય વારસો'** સં. ભીખુભાઈ એન. પ્રજાપતિ વર્ષ-૧, અંક-૧, સળંગ અંક-૧, જાન્યુઆરી-૨૦૧૭ પ્રકા. ભીખુભાઈ એન. પ્રજાપતિ, ''સમર્પણ'', ૮ સ્નેહપાર્ક, શુભમ હોલની પાછળ મિસ્ત્રી સોસાયટી પાસે , ભાલેજ રોડ આણંદ ૩૮૮૦૦૧ પૃ. ૧૫.

૧૦.**'દિવ્ય વારસો'** સં. ભીખુભાઈ એન. પ્રજાપતિ વર્ષ.-૨ અંક-૨, સળંગ અંક ૨ ફેબ્રુઆરી-૨૦૧૭, પ્રકા. ભીખુભાઈ એન.પ્રજાપતિ, ૮ સ્નેહપાર્ક શુભમ હોલની પાછળ, મિસ્ત્રી સોસાયટી પાસે , ભાલેજ રોડ આણંદ ૩૮૮૦૦૧, પૃ. ૧૫.

૧૧.**'વિદ્યાપીઠ'** તંત્રી અનામિકભાઈ શાહ, સંપા. ધ્વનિલ પારેખ, અમરેન્દ્ર પાંડે, જિતેન્દ્ર ઢેબરિયા, વર્ષ-૫૫, અંક-૧જાન્યુઆરી-માર્ચ ૨૦૧૭, પ્રકા. ડૉ. રાજેન્દ્ર અમુલખભાઈ ખીમાણી, ગુજરાત વિદ્યાપીઠ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪ મૂલ્ય રૂ. ૨૦૦ (વાર્ષિક લવાજમ) પૃ. ૮૦

૧૨. **'નિબંધકાર પ્રવીણ દરજી'** લે. મહેન્દ્ર નાઈ, પ્ર. આ. ૨૦૧૬, પ્રકા. ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદ, મૂલ્ય રૂા. ૧૦૦, પૃ. ૧૨૮.

૧૩. **'નિબંધકાર સુરેશ જોષી'** લે. મહેન્દ્ર નાઈ, પ્ર. આ. ૨૦૧૫, પ્રકા. ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદ, મૂલ્ય રૂા. ૧૦૦, પૃ. ૧૧૨.




સીવીએમ સંચાલિત સેમકોમ કૉલેજમાં બ્લોક ચેઈન એન્ડ ક્રાઈવટોકરન્સી કાર્યશાળામાં ઉપસ્થિત સહભાગીઓ તથા ઈન્સેટ તસવીરમાં વ્યાખ્યાન આપતા વિષય તજ્જ્ઞ શ્રી અનિરુદ્ધ વેંકટેઈ દૃશ્યમાન થાય છે.





સીવીએમ સંચાલિત હાયર સેકન્ડરી હોમ સાયન્સ શાળામાં બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ સ્પર્ધામાં પ્રસંગોચિત ઉદ્‌બોધન કરતા માનદ સહમંત્રી શ્રી ઈજનેર વી. એમ. પટેલ તથા મંચસ્થ મહાનુભાવો દૃશ્યમાન થાય છે.

V-Vidyangar 20 (01)
Published on Friday, 05.01.2018
No. of Pages 40 including Cover
ISSN 0976-9609 V-Vidyanagar

January 2018

Postal Regd. No. AND/318/2018-20
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on 5th of Every Month

# વિભૂતિ વંદના




**Swami Vivekananda**
(12.01.1863 -04.07.1902)



**Dalpatram**
21.01.1820-25.03.1898)



**Dr. Har Gobind Khorana**
(09.01.1922-09.11.2011)



**Subhashchandra Bose**
(23.01.1897-18.07.1945)



**Lala Lajpat Rai**
(28.01.1865-17.11.1928)

Editor: DR. Urvish Chhaya

Printed at Anand Press, Anand 388001

Printed, Published and Owned by Dr. S. G. Patel, Hon. Secretary, Charutar Vidyamandal and Published at Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)